શ્રી સિમંધરસ્વામિને નમઃ
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-
કવી-વીર-મહોદય ગુરુભ્યો નમઃ

# શ્રી સંઘ સ્વરૂપ

દિવ્ય કૃપા

તપ ચક્રવર્તી, જિનશાસન શિરોમણી
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
શાંત મૂર્તિ પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

લેખિકા

ખાનદેશરત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.

સંપાદન

પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.

સૌજન્ય

**Mr. Hirachand Damji Dand Family**
**Ghatkopar**

આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની ૪૩મી તથા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની ૧૯મી તથા

શાંતમૂર્તિ પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની ૮મી

# સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે

લેખિકા


જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ

પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.ના

આજ્ઞાવર્તિની પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી



પ્રત – ૫૦૦

પ્રકાશન સં. ૨૦૮૨ * ઈ.સ. ૨૦૨૫

પ્રકાશક – પ્રાપ્તિ સ્થાન

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામી જૈન દેરાસરજી

સ્ટેશન રોડ, ચાલીસગામ

સૌજન્ય

**Mr. Hirachand Damji Dand Family**

**Ghatkopar**

# સાદર.... સમર્પણ

વિશ્વ કલ્યાણની ભાવના ભાવનારા...
આત્માની અનંત શક્તિને ઓળખનારા...
સ્વ–પર કલ્યાણને સાધનારા...
જિનાજ્ઞાને જાણનારા...
જિનાજ્ઞાને સમજનારા...
જિનાજ્ઞાને આચરનારા...
આત્મ કલ્યાણકારી...
સમસ્ત વિશ્વના

**પ્રભુ મહાવીરના**
**શ્રી સંઘોના**

કરકમલમાં

**સાદર સમર્પણ**

**– સા. જયદર્શિતાશ્રીજી**

# શ્રી સંઘ

પ્રભુ મહાવીરસ્વામિને વૈશાખ સુદ ૧૦ના કેવળજ્ઞાન પ્રગટ થયું...

પ્રભુ મહાવીરસ્વામિએ વૈશાખ સુદ ૧૧ના ચતુર્વિધ શ્રી સંઘની પાવાપુરીમાં સ્થાપના કરી...

એ શ્રી સંઘનો દીવડો નગરે... નગરે, ગામો ગામ પ્રગટ્યો...

આજે તો એક જ ગામમાં પણ અનેક સંઘો જોવા મળે છે. પરંતુ શ્રી સંઘનું સાચું સ્વરૂપ કેવું છે ?

શ્રી સંઘ કેટલો મહાન છે ? પ્રભુએ એને પચ્ચીસમા તીર્થંકરની ઉપમા કેમ આપી ?

આવા શ્રી સંઘનું સુંદર સ્વરૂપ શ્રી નંદીસૂત્રમાં વિવિધ ઉપમાઓ દ્વારા સમજાવવામાં આવ્યું છે. શ્રી સંઘના સાચા સ્વરૂપને જાણવાની ઘણી જ આવશ્યકતા છે.

આવો ! આ નાની પુસ્તિકા દ્વારા આપણે શ્રી સંઘનું સાચું સ્વરૂપ જાણીએ અને એવા બનવા માટે સાચો પુરૂષાર્થ આદરીએ. આપણું આત્મકલ્યાણ સાધીએ.

શ્રી સંઘના પદાધિકારીઓએ અવશ્ય એનું વાંચન – ચિંતન કરી પોતાના શ્રી સંઘને જિનાજ્ઞાનુસારી બનાવી સહુને પરમ કલ્યાણના આરાધક બનાવે એ જ મંગલ ભાવના.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

- સા. જયદર્શિતાશ્રીજી

# શ્રી સંઘની મહાનતા

रत्नानामिव रोहण–क्षितिधरः संतारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव ।
पायेधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा–
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥

જેમ રત્નોને માટે રોહણાચલ પર્વત છે...
જેમ તારાઓ માટે આકાશ છે...
જેમ કલ્પવૃક્ષો માટે સ્વર્ગ છે...
જેમ કમળો માટે સરોવર છે...
જેમ પાણી માટે સમુદ્ર છે...
જેમ તેજના સ્થાન માટે ચંદ્ર છે...

**તેમ ગુણોનું સ્થાન શ્રી સંઘ છે.**

તેમ વિચારીને પૂજ્યશ્રી સંઘની પૂજા
વિધિપૂર્વક કરો.

# શ્રી સંઘનું સ્વરૂપ

य: संसार–निरास लालस – मतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयन्ति पावनतया येनाऽस्ति नाऽन्य: सम: ।
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फुर्तिर्यस्य परा वसन्ति च गुणा यस्मिन्स संघो ऽ र्च्यताम् ।।

જે સંસારને નાશ કરવાની તીવ્ર બુદ્ધિવાળો છે...
જે મોક્ષને માટે તૈયાર છે... ઉપસ્થિત છે... ઉદ્યત છે...
જેને તીર્થ તરીકે પરમાત્માઓ કહે છે...
પવિત્રતાથી જેના સમાન બીજું કોઇ નથી...
શ્રી તીર્થંકર દેવો જેને નમસ્કાર કરે છે...
જેનાથી સજ્જન આત્માઓને સુખ-ઉન્નતિ થાય છે...
જેની અત્યંત કાંતિ-પ્રભાવ છે...
જેમાં ગુણ રહે છે...
હે ભવ્ય જીવો ! તે સંઘની પૂજા - ભક્તિ કરો...

# શ્રી સંઘ ભક્તિ ફળ

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा किर्तिस्तमालिङ्गति, ।।
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वः श्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणराशिकेलि सदनं श्रेयोरुचिः सेवते ।।

ગુણોના સમુહના ક્રીડાઘર સમાન શ્રી સંઘની કલ્યાણની ઇચ્છાવાળો જે સેવા ભક્તિ બહુમાન કરે છે તેને -

* લક્ષ્મી રસભપણાથી - એકદમ સ્વયં આવી મળે છે.
* કિર્તિ ભેટે છે.
* પ્રીતિ ચારે બાજુથી સેવા કરે છે.
* બુદ્ધિ એને મળવા માટે ઉત્કંઠાથી પ્રયત્ન કરે છે.
* સ્વર્ગની લક્ષ્મી એને મળવા ઇચ્છે છે.
* મોક્ષ - મુક્તિ એને વારંવાર જુવે છે... અર્થાત્ એની રાહ જુએ છે.
* નિર્લોભતા - અનાસક્તિ એના હૃદયમાં પ્રગટ થાય છે.

# શ્રી સંઘ

## ભક્તિનું ફળ

**यद्भक्तेः फलमर्हदादिपदवीमुख्यं कृषेः शस्यवत्,**
**चक्रित्वं त्रिदशेन्द्रतादि तृणवत् प्रासङ्गिकं गीयते ।**
**शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः,**
**संघः सो ऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥**

ખેતીનું મુખ્ય ફળ ધાન્ય છે...
તેમ સંઘ ભક્તિનું મુખ્ય ફળ અરિહંતાદિ પદવી છે...
ખેતીનું આનુસંગીક ફળ જેમ ઘાસ છે... તેમ શ્રી સંઘ
ભક્તિનું આનુસંગીક ફળ ચક્રવર્તિપણુ... ઇન્દ્રપણું છે...
બૃહસ્પતિ (ઇન્દ્રનો ગુરુ)ની વાણી પણ જેના પ્રભાવની
સ્તુતિ કરવા માટે શક્તિશાળી નથી...

તેવો પાપોને હરણ કરનાર શ્રી સંઘ
પોતાના ચરણ સ્થાપીને સજ્જનોના
મંદિરને પવિત્ર કરો.

# નગર રૂપી શ્રી સંઘ

પ્રભુ મહાવીર પાવાપુરી નગરીએ પધાર્યા...

ઇન્દ્રભુતિ આદિ અગ્યારને પ્રતિબોધ્યા...

સંયમ આપી, ગણધર પદે સ્થાપ્યા...

ત્રિપદિ આપી...

ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી...

પછી ઉપાંગ રચાયા...

પયન્નાઓની રચના થઇ...

છ છેદસૂત્ર કહેવાયા...

બે-અનુયોગ દ્વાર અને નંદીસૂત્ર...

ચાર મૂળ - સુત્ર... એમ કુલ વર્તમાનમાં પિસ્તાલીશ આગમ કહેવાય છે.

એમાં એક છે નંદીસૂત્ર ! સુંદર રીતે જ્ઞાનના પાંચ પ્રકારોની સમજ આપવામાં આવી છે.

આજ આગમગ્રંથોમાં '**શ્રી સંઘનું**' રસિક વર્ણન કરવામાં આવ્યું છે. 'શ્રી સંઘ'ને જુદી જુદી ઉપમાઓ આપી 'શ્રી સંઘ' કેવો હોય ? એનો પરિચય કરાવ્યો છે. આજે વીર

શાસનમાં પોતાની જાતને 'શ્રી સંઘ' માની પચીસમા તીર્થંકર કહેડાવનારા ઘણા છે. પણ પોતાની લાયકાત કેટલી છે એની વિચારણા કરનારા વિરલા છે.

શું આપણો સમાવેશ પ્રભુના સ્થાપેલા 'શ્રી સંઘ'માં થઇ શકે છે ?

આવો, વિચારણા કરીએ.

પ્રભુએ 'શ્રી સંઘ'ને કેવી કેવી ઉપમાઓ આપી છે ?

**नयररहचक्कपउमे, चंदे सूरे समुद्दमेरुम्मि ;**
**जो उवमिज्जइ सयमं, तं संघगुणायरं वंदे...(१-१९)**

નગર, રથ ચક્ર, કમળ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને મેરૂ પર્વતની સાથે હંમેશા જેની ઉપમા અપાય છે, એવા ગુણોની ખાણરૂપ સંઘને હું વંદના કરું છું.

સંઘ એટલે ગુણોની ખાણ !

કેવા કેવા ગુણો હોય છે સંઘના ?

સંઘની ઉપમાઓ શું જણાવે છે ? ખરેખર વિચારણીય છે.

શ્રી સંઘને પ્રથમ નગરની ઉપમા

**गुणभवण गहण सुयरयण, भरियदंसणविसुद्धरत्थागा ।**
**संघ नयर भद्दंते, अखंड चरित्तपागारा ।।**

ગુણરૂપી ભવનોથી ગહન... શાસ્ત્રરૂપ રત્નોથી ભરપૂર... દર્શનરૂપ વિશુદ્ધ શેરીવાળી...અખંડ ચારિત્રરૂપ કિલ્લાવાળા... હે શ્રી સંઘરૂપ નગર ! તમારું કલ્યાણ હો.

નગર હોય ત્યાં શું શું હોય ? આવો પ્રશ્ન આપણી સમક્ષ આવે ત્યારે ઘણી ઘણી વસ્તુઓ કદાચ આપણી નજર સામે આવે. પણ અહીં નગરની ચાર વસ્તુઓ જણાવી છે. નગર હોય ત્યાં મહેલ હોય... ઘરો હોય...

નગર હોય ત્યાં રસ્તા હોય... શેરીઓ હોય...

નગર હોય ત્યાં ઋદ્ધિ...સિદ્ધિ...અને સમૃદ્ધિ હોય...

નગર હોય ત્યાં એની સલામતી માટે કિલ્લો હોય...

કેટલી સુંદરતાથી નગરની વ્યવસ્થા આપણી સમક્ષ જણાવી દીધી ? હવે એથીય વધારે સુંદરતાથી શ્રી સંઘના સ્વરૂપને આપણને સમજાવી રહ્યા છે. શ્રી સંઘને જ્યારે નગરની ઉપમા આપવામાં આવી છે ત્યારે શ્રી સંઘની મહાનતા.. શ્રી સંઘની વિશેષતા... સંઘની

વિશાળતા... અને શ્રી સંઘની જાવજલાલી ઉપરોક્ત ચાર ઘટકો ઉપર આધારીત છે.

નગર જો મહેલ અને ઘરોથી શોભે છે તો શ્રી સંઘરૂપી નગર ગુણોથી... ગુણોરૂપી ઘરોથી શોભાયમાન બને છે.

નગરના માર્ગો અને શેરીઓ જો એની શોભામાં અભિવૃદ્ધિ કરે છે તો સમ્યગ્દર્શનની શુદ્ધિ અને નિર્મળતા શ્રી સંઘની શોભાને વધારનારી બને છે.

નગરનો વ્યવહાર હિરા-મોતી-સોના-ચાંદી આદિની સમૃદ્ધિથી ચાલે છે. તેમ શ્રી સંઘની સમૃદ્ધિ અને શ્રી સંઘનો વ્યવહાર ''શાસ્ત્ર-જ્ઞાન'' દ્વારા જ ચાલી શકે છે. આગમજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એજ શ્રી સંઘની સાચી મુડી છે. સાચા રત્નો છે.

નગરની સલામતીનો આધાર એનો કિલ્લો છે. શ્રી સંઘની સલામતીનો આધાર એનું વિશુદ્ધ-અખંડ ચારિત્ર છે.

આવો, આટલી સમજણ મેળવ્યા પછી આપણે દુનિયામાં એક નજર કરીએ. ક્યાં દેખાય છે આપણને આવો સંઘ ?

જે સંઘની આ ચાર આધારશીલાઓ મજબૂત છે એ જ શ્રેષ્ઠ સંઘ બની શકે. આ ચારમાં જેટલી નબળાઈ હશે સંઘ

એટલો જ નબળો હશે.

આવો, આપણે આપણા પોતાના જીવનનો વિચાર કરીએ. હું પણ શ્રી સંઘનો એક સભ્ય છું. મારા જીવનમાં આ ચાર વાતોનું મહત્વ કેટલું ?

આપણી બધાની પાસે રહેવા માટે નાનું કે મોટું પણ ઘર તો છે જ. એને આપણે આપણી સમજણ અને શક્તિ પ્રમાણે શણગારીએ પણ ખરા. અને વારે – તહેવારે આપણે સવિશેષ સુંદર બનાવવા પ્રયત્નશીલ પણ રહીએ છીએ.

પરંતુ શ્રી સંઘના સભ્ય તરીકે આપણા ગુણો તેજ આપણું સાચું ઘર છે. આપણે સ્વજીવન ઉપર એક દૃષ્ટિ કરીએ કેવા કેવા ગુણો ખીલી ઉઠ્યા છે આપણા જીવનમાં ?

કુમારપાલ જેવી અહિંસા... હરિશ્ચંદ્ર જેવું સત્ય... સુદર્શન શેઠ જેવો સદાચાર... જગડુશા જેવું દાન... પુણિયા શ્રાવક જેવી સાધર્મિક ભક્તિ... રાવણ જેવી તીર્થંકર ભક્તિ... સમ્રાટ સંપ્રતિ જેવી જિનપ્રતિમા ભક્તિ... અનુપમા દેવી જેવી સાધુ સેવા... સુલસા જેવી શ્રદ્ધા... ચંપાશ્રાવિકા જેવું તપ... લલ્લિગ જેવી ગુરુભક્તિ... વસ્તુપાલ-તેજપાલ જેવી જ્ઞાનભક્તિ...

શું છે આપણી પાસે ? શેં લાગશે આપણો નંબર શ્રી

સંઘમાં ?

જો આપણે આ વાતનું ચિંતન - મનન કરીશું તો એમાંથી શ્રેષ્ઠ નવનીત નિકળશે જે આપણા જીવન બાગમાં વિવિધ ગુણોના પુષ્પો ખીલાવશે. આપણું જીવન ગુણોથી અલંકૃત થઇ જશે.

આજના કાળમાં નગરમાં રસ્તાઓ પણ ઘણા... વ્યવસ્થિત અને સાફ જોવા મળે છે. પણ અહીં શ્રી સંઘરૂપી નગરમાં વિશુદ્ધ દર્શનરૂપી માર્ગની આવશ્યકતા જણાવી છે. સમ્યગ્ દર્શન હોય તો સાચો માર્ગ મળે. સમ્યગ્ દર્શન ન હોય તો સાચો માર્ગ મળવો જ સંભવિત નથી. આજ દિવસ સુધી આપણે સંસારમાં રખડ્યા - રઝળ્યા એનું જો કોઇ કારણ હોય તો તે એક જ છે - સમ્યગ્ દર્શનનો અભાવ. અનાદિના દુઃખ - દોષ દુર્ગતિનો નાશ કરવો હશે તો સાચા માર્ગે ચઢવું પડશે. સાચા માર્ગે ચઢવા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ અનિવાર્ય છે. જ્યાં સુધી સમ્યગ્ દર્શનનો આપણને સ્પર્શ પણ નહીં થાય ત્યાં સુધી આપણને શ્રી સંઘમાં પ્રવેશ પણ નહીં મળે. ત્યાં સુધી આપણે સંઘ બહાર જ હોઇશું. માર્ગ વિના નગરમાં ન પહોંચાય તેમ સમ્યગ્ દર્શન વિના શ્રી સંઘમાં ન પ્રવેશાય.

સુદેવ-સુગુરુ-સુધર્મ ઉપરની સુદઢ શ્રદ્ધા એ જ સાચું

સમ્યગ્ દર્શન છે.

સુદેવ કોને કહેવા ? સુગુરુ કોને જાણવા ? સુધર્મ કોને સમજવો ? મનમાં ઉઠતાં સર્વ પ્રશ્નોના ઉત્તર જિન શાસનમાંથી મળી રહે છે.

**अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो;**
**जिणपन्नतं तत्तं, इय सम्मत्तं मअे गहियं.**

અરિહંત મારા દેવ છે... સુસાધુ મારા ગુરુ છે... અને જિનેશ્વર પરમાત્મા એ કહેલ તત્વ તે જ મારો ધર્મ છે... આવા પ્રકારના સમ્યગ્દર્શનનો હું સ્વીકાર કરું છું.

પાપનો નાશ... પુણ્યનો બંધ... અને કર્મ નિર્જરા કરાવનાર કોઈ હોય તો તે સુદેવ-સુગુરુ-સુધર્મ છે. આજ દિવસ સુધી આ સત્યને જાણ્યા વગર આપણે જ્યાં ત્યાં અથડાયા છીએ... કુટાયા છીએ... માર્ગ ભૂલી ગયા છીએ. આવો, હજી મોડું નથી થયું જાગ્યા ત્યારથી સવાર માની સાચો માર્ગ અપનાવવા સમ્યગ્દર્શનને વધારે ને વધારે નિર્મળ બનાવીએ. જેમ જેમ સમ્યગ્દર્શન વિશુદ્ધ-નિર્મળ થતું જશે તેમ તેમ આપણો માર્ગ સ્પષ્ટ થતો જશે. ક્યાં જવાનું છે... શું કરવાનું છે એની સમજણ આવતી જશે. અરિહંત

પરમાત્માએ પ્રકાશેલ તત્ત્વનું ઉંડાણ સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજી - સ્વીકારી શકાય છે. આવું સમ્યગ્દર્શન એ ''શ્રી સંઘ''ના સન્માર્ગની મોટી આધારશીલા છે. એમાં ક્યાંય બાંધ છોડ સંભવી ન શકે. સમ્યગ્ દર્શન એ આત્માના અનુભૂતિનો વિષય છે. બાહ્યક્રિયા એ પ્રાપ્તિમાં સહાયક બની શકે છે.

નગરની સલામતી કિલ્લાથી છે. સંઘની સલામતી અખંડ શીલ સદાચારના પાલનથી છે. સમસ્ત વિશ્વનું અવલોકન કરતાં ક્યારેક આત્મા રડી ઉઠે છે. જે શીલસદચારના પાઠ આર્યક્ષેત્રના હત્યારા - લુંટારા અને ચોરોના જીવનમાં પણ મજબૂત હતા એ શીલસદાચારને અકબંધ રાખવામાં કહેવાતા ધર્મી પુરુષો પણ સદંતર નિષ્ફળ ગયા છે. કાયર સાબીત થયા છે.

કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહે, રંગરાગ જોવા છતાં... રસયુક્ત આહાર પાણી વાપરવા છતાં આંખના કોઇ ખુણામાં વાસના ન જાગી... હૃદયમાં ક્યાંય વિકાર ન જાગવા દીધો અને અદ્ભૂત શીલ પાલનથી ચોર્યાસી ચોવિસીઓ અમર બની ગયેલા કામવિજેતા સ્થુલીભદ્રનો આ સંઘ છે.

દેવો પણ જેમના ગુણ ગાતાં થાકતાં નથી એવા અપૂર્વ શીલસૌંદર્યથી શોભતા વિજયશેઠ અને વિજયા શેઠાણીની

અણમોલ ગૌરવગાથાથી દિપતો આ સંઘ છે.

અભયરાણીના કલંકમાં પણ અડોલ રહીને શુળીને સિંહાસનમાં ફેરવતા સુદર્શન શેઠની અમર કથાથી શીલની સુવાસને અનુભવતો આ સંઘ છે.

ફક્ત બત્રીસ વર્ષની યૌવન વયમાં બ્રહ્મચર્યના પચ્ચક્ખાણ લેવા સજ્જ બનતા પેથડશા જેવા શીલવંતા શ્રાવકોથી ભરપૂર આ સંઘ છે. આપણા જીવનનું નિરીક્ષણ કરીએ. ક્યાંક ભૂલા તો નથી પડ્યા ને ? શીલના અખંડ પાલન વિના શ્રીસંઘ સલામત નથી.

શાસનપતિ પ્રભુ શ્રી મહાવીરસ્વામીનું શાસન પાંચમા આરાના અંતસુધી અવિચલ પણે ચાલવાનું છે. એ નિસંદેહ છે ! કોના બળથી ? જવાબ છે શ્રી સંઘના બળથી.

આજે પણ એવા બડભાગી મહાત્માઓ છે, જેમના જીવનમાં શ્રી સંઘના સાચા સભ્ય બનવાના સર્વ ગુણો મજબૂત છે. તેઓની પાસે સમ્યગ્ દર્શન છે... તેમની પાસે ગુણોનો ખજાનો છે... તેમની પાસે શાસ્ત્રજ્ઞાન છે... તેઓની પાસે અખંડ શીલની ઉપાસના છે...

આજ મહાનુભાવોની શ્રી સંઘમાં ગણત્રી થાય છે.

આપણે પણ આ ગુણોના સ્વામી બની સત્વરે ''**શ્રી સંઘ**''ના સાચા સભાસદ બનીએ.

# રથ રૂપી શ્રીસંઘ

દરિદ્રને નિધાન પ્રાપ્તિ દુર્લભ છે..

સમુદ્રમાં પડેલાને વહાણ પ્રાપ્તિ દુર્લભ છે...

તૃષાથી વ્યાકુળ થયેલાને અમૃત રસની પ્રાપ્તિ દુર્લભ છે...

વનમાં માર્ગથી ભુલા પડેલાને સારા સાર્થવાહની પ્રાપ્તિ દુર્લભ છે.

જંગલમાં અંધકારથી મુંઝાયેલાને દીવાની પ્રાપ્તિ દુર્લભ છે.

તેવી જ રીતે, હે જીવ ! કર્મ વશ રહેલા સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણિઓને મનુષ્યભવ... આર્યક્ષેત્ર... શ્રાવક કુળ... સદ્ગુરુનો યોગ... સુધર્મ ઉપર પરમ શ્રદ્ધા... અને ધર્મકાર્યમાં અપ્રમાદિ બની ઉદ્યમ કરવો અત્યંત દુર્લભ છે.

આજના આ ભયાનક કળિયુગમાં પણ તને ''શ્રી સંઘ''મળ્યો. જેને સ્વયં તીર્થંકર પરમાત્મા પણ નમસ્કાર કરે છે અને સ્વયંના હસ્તે જ એની સ્થાપના કરે છે. આવા શ્રી

સંઘમાં આપણે, આપણો નંબર લગાડવા ભાગ્યશાળી ક્યારે બનીશું ? આપણો નંબર આ 'શ્રી સંઘ'માં ક્યારે લાગે છે ?

દેવાધિદેવ પ્રભુ મહાવીર સ્વામીએ આ 'શ્રી સંઘ'ને નંદિસૂત્રમાં જુદી જુદી ઉપમાઓ આપી છે. આ 'શ્રી સંઘ'ના કલ્યાણ મંગલની ભાવના ભાવી છે. આ 'શ્રી સંઘ' કેવા કેવા અદ્ભૂત ગુણોથી શોભે છે એની સુંદર વાતો સમજાવી છે. જેમ જેમ આ વાતોની જાણકારી થાય... જેમ જેમ આ વાતો સમજમાં આવે છે તેમ તેમ પરમાત્માના સ્થાપેલા 'શ્રી સંઘ' પ્રત્યે અંતરમાં અત્યંત અહોભાવ ઉત્પન્ન થાય છે. આવા 'શ્રી સંઘ'માં આપણને જન્મ મળ્યો એના માટે ગૌરવ લેવાનું મન થાય છે અને આવા 'શ્રી સંઘ'ના સાચા ઉમેદવાર... સાચા વારસદાર બનવા માટે બધું જ કરી છુટવા વ્યક્તિ તૈયાર થઈ જાય છે. 'શ્રી સંઘ'ને મહાન બનાવવા એના ચારે ઘટકોને મહાન બનવું પડશે... બધાએ પોતાના દોષો અને દુર્ગુણોને દૂર કરવા ઉદ્યમ કરવો પડશે... આપણા જીવનને સદ્ગુણોથી... સદ્કાર્યોથી અને જિનેશ્વર પરમાત્માના ઉપદેશથી શણગારવું પડશે.

'શ્રી સંઘ'ને નગરની ઉપમા આપી 'શ્રી સંઘ'ના ગુણોનો આપણને આંશિક પરિચય કરાવ્યાં પછી નંદીસૂત્રમાં

'શ્રી સંઘ'ને રથની ઉપમા આપવામાં આવી છે. રથની ઉપમા દ્વારા પ્રભુ આપણને 'શ્રી સંઘ'ના કેવા સ્વરૂપને જણાવી રહ્યા છે... પ્રભુ શું સમજાવવા ઇચ્છે છે તેને જાણવાનો પ્રયાસ કરીશું...

રથયાત્રાઓ ઘણી જોઇ...

રથને પણ ઘણીવાર જોયો...

જુદી જુદી જાતના... જુદી જુદી ભાતના...

પણ આપણી દૃષ્ટિમાં ક્યારેય પરમાત્માની વાતો ન સમાણી... આપણે બાહ્ય દર્શનમાં જ અટવાઇ ગયા. જ્યારે પ્રભુએ અંતરચક્ષુથી કાંઇક અલગ જ નિહાળ્યું. કાંઇક અલૌકિક નિહાળ્યું. અને આપણી સમક્ષ એ વાત મુકતાં કહ્યું–

**भद्दं सीलपडागुस्सियस्स, तव नियम तुरयजुत्तस्स ;**
**संघ रहस्स भगवओ, सिज्झाय सुनंदि घोसस्स.(१-६)**

શીલરૂપ પતાકાઓથી ઊછળતા, તપ નિયમરૂપ ઘોડાથી યુક્ત, અને સ્વાધ્યાયરૂપી નંદિઘોષ (વિવિધ પ્રકારના વાજિંત્રોના ધ્વનિયુક્ત) વાળા એવા શ્રી સંઘરૂપ રથનું કલ્યાણ હો.

**રથ કેવો હોય ?**

રથ ઉપર ફરકતી ધજાથી યુક્ત હોય...

રથ સાથે ઘોડા જોડાયેલાં હોય છે...

રથ જેમ આગળ ધપે તેમ એમાંથી સુંદર વાજિંત્રનો નાદ નંદિઘોષ સંભળાતો હોય છે.

શાસ્ત્રકાર મહર્ષિઓ જ્યારે શ્રી સંઘને રથની ઉપમા આપે છે ત્યારે શું કહી રહ્યા છે ?

શ્રી સંઘરૂપ રથની ઉપર શીલરૂપ પતાકા લહેરાતી હોય છે.

શ્રી સંઘરૂપ રથ સાથે તપ-નિયમરૂપ ઘોડાઓ જોડાયેલા હોય છે.

અને શ્રી સંઘરૂપ રથમાંથી સતત સ્વાધ્યાયરૂપ નંદિઘોષ ધ્વનિ સંભળાતો હોય છે.

સામાન્યથી રથમાં પરમાત્મા બિરાજમાન હોય છે. તેવી જ રીતે 'શ્રી સંઘ'ના હૈયામાં સદા-સર્વદા પરમાત્માનો વાસ હોય છે.

શીલનો મહીમા ન્યારો છે, શીલ તો શાસનનો પ્રાણ છે. નિર્મળ-વિશુદ્ધ શીલના પાલનથી તો શાસનની મહાસતીઓએ શાસનનો જય જયકાર કર્યો છે.

જિનશાસનની ધજાને વિશ્વનાં ચોગાનમાં સદા ફરકતી રાખી છે.

વસંતપુર નગરી હતી...

જિતશત્રુ રાજા રાજ્ય કરી રહ્યો હતો...

જિત શત્રુ રાજાને જિનદાસ નામે મંત્રી હતો...

જિનદાસ મંત્રીને તત્વમાલિની નામે પત્ની હતી... સુભદ્રા નામે પુત્રી હતી...

સુભદ્રા જેવી રૂપવાન હતી તેવી જ ગુણવાન હતી...

ધર્મના મર્મને જાણનારી અને આચરનારી હતી...

ચંપાનગરીમાં બૌદ્ધધર્મી બુદ્ધદાસ નામે યુવાન હતો...

એણે એકદા સુભદ્રાની પ્રસંશા સાંભળી અને નક્કી કર્યું પરણીશ તો સુભદ્રાને જ !

બુદ્ધદાસે સુભદ્રા વિશેની માહિતી મેળવી ત્યારે એને સમાચાર મળ્યા કે જિનદાસ ચુસ્ત જૈન ધર્મના આરાધક શ્રાવકને જ સુભદ્રા આપવાના છે. અજૈન ને કોઇ કાળે સુભદ્રા નહીં આપે.

સુભદ્રા તરફના અનુરાગ અને પ્રીતીના કારણે એને મેળવવા બુદ્ધદાસ નકલી શ્રાવક બન્યો. વેપાર પ્રસંગે

વસંતપુરમાં આવ્યો. દરરોજ સુંદર પ્રભુ પૂજા – ભક્તિ કરવા લાગ્યો. જિનદાસ સાથે જિનધર્મના સિદ્ધાંતોની સુંદર ચર્ચા કરવા લાગ્યો. બાહ્ય દેખાવ અને વાતોથી અંજાઇને જિનદાસ મંત્રીએ સુભદ્રાને એની સાથે પરણાવી દીધી.

સાસરે આવતાં સુભદ્રાને ખ્યાલ આવી ગયો કે પોતે ઠગાઇ છે. અહિં તો મિથ્યાત્વી ધર્મની જ બોલબાલા છે. એણે પોતાની આરાધના ચાલુ રાખી.

પુત્રવધૂ જિનધર્મની આરાધના કરે છે એ સાસુને ગમતું ન હતું. એ વહુના છિદ્રો શોધવા લાગી. અને એકદા એને તક મળી ગઇ.

એકદા માસક્ષમણના તપસ્વી મુનિરાજ સુભદ્રાને ત્યાં વહોરવા પધાર્યા. ત્યાં જ એમની આંખમાં તરણું પડ્યું... સુભદ્રાએ લઘુલાઘવી કળાથી જીભવડે તરણું કાઢી નાખ્યું. મુનિ આહાર વહોરાવીને... ધર્મલાભ આપીને પાછા ફર્યા... ત્યાં સુભદ્રાના સાસુજીએ મુનિરાજને જોયા... આ શું ? મુનિરાજના કપાળમાં તિલક કેમ ?

સાસુએ તરત હો...હા... કરી નાંખી...

બુદ્ધિદાસને ભરમાવ્યો... એણે સુભદ્રાનો તિરસ્કાર કર્યો...

એની સાથે બોલવાનું બંધ કરી દીધું...

સુભદ્રા સતી હતી...

એનાથી આ તિરસ્કાર સહન ન થયો...

સાસુ વગેરેની શંકાથી તો એને દુઃખ થયું જ પણ મુનિરાજ ઉપરના કલંકથી એને વધારે દુઃખ થયું.

એણે અન્નજળનો ત્યાગ કર્યો...

શાસન દેવીનો કાઉસગ્ગ કર્યો...

શીલના પ્રભાવથી શાસનદેવીનું આસન કંપ્યું...

અવધિજ્ઞાનથી સતી ઉપર આવેલા કલંકની વાત જાણી...

સત્વર સુભદ્રાની સામે હાજર થઇ... જલ્દી જ કલંક નિવારણ માટે વચન આપ્યું...

દેવીના આગ્રહથી સુભદ્રાએ પારણું કર્યું...

ચંપાનગરીના ચાર દ્વાર અચાનક બંધ થઇ ગયા... અંદરના માણસો અંદર અને બહારના માણસો બહાર એવી પરિસ્થિતિ સર્જાણી... ઘણા પ્રયાસ કરવા છતાં પણ દ્વાર ન જ ખૂલ્યા.

ત્યાં તો આકાશવાણી થઇ.

સાંભળો...સાંભળો...નગરજનો સાંભળો...

‘‘આવી પડેલા દુઃખને દૂર કરવાનો એક જ ઉપાય છે મન - વચન - કાયાથી શીલવ્રતનું પાલન કરનાર સ્ત્રી જો કાચા સુતરના તાંતણે ચાળણી બાંધી કુવામાંથી પાણી કાઢીને દરવાજા ઉપર છાંટશે તો જ નગરીના બંધ થયેલા દ્વાર ઉઘડશે.’’

રાજાની રાણી સાહેબા આવ્યાં પ્રયત્ન કર્યો... પણ સફળતા ન મળી...

નગર શેઠના પત્ની શેઠાણી આવ્યા... સફળતા ન મળી...

રાજાએ નગરીમાં ઢંઢેરો પીટાવ્યો... ઘણી જ બહેનો આવી... પ્રયાસ કર્યા પણ નિષ્ફળતા જ મળી...

સુભદ્રાએ સાસુજીની રજા માંગી સાસુજી ન બોલવાના બોલ બોલવા લાગ્યાં. સુભદ્રાએ ફરીથી આજ્ઞા માંગી. અંતે કંટાળીને સાસુજીએ આકાશને પૂછવાની રજા આપી. સુભદ્રા ખુલ્લા આકાશમાં ગઇ અને આકાશને પૂછ્યું - ‘‘હું દ્વાર ઉઘાડું?’’

ત્યારે ફરી આકાશવાણી થઇ - ‘‘જાવ...જાવ... ઉઘાડો અને સૌને આફતમાંથી બચાવો.’’

આકાશવાણી સાંભળી રાજા-પ્રજા સહુ સુભદ્રાને

વિનંતિ કરવા આવ્યાં.

સુભદ્રા આગળ... બધા પાછળ ચાલવા લાગ્યાં.

સુભદ્રાને કાચા સુતરના તાંતણે ચાળણીમાં પાણી કાઢવામાં સફળતા મળી...

ચંપાનગરીના બંધ દ્વારો ઉપર પાણીનો છંટકાવ કર્યો...

સુભદ્રાના શિયળના પ્રભાવે ચંપાપુરી નગરીના દ્વાર ઉઘડી ગયા...

માથે આવેલું કલંક દૂર થયું...

જિનશાસનનો જયજયકાર થયો...

ધન્ય સુભદ્રા ! ધન્ય સતી ! ધન્ય શીલ !

સુભદ્રાએ સંયમનો સ્વીકાર કર્યો... સમતા-ક્ષમા અને તપથી ઘાતિકર્મોનો ક્ષય કર્યો... કેવળજ્ઞાનનો સુર્ય ઝળહળી ઉઠ્યો... જગત જીવોનો ઉદ્ધાર કરી સતી સુભદ્રા મુક્તિનગરીમાં પધાર્યા...

આ છે જિનશાસનના શીલની અમર ગાથા...

આવી શીલની પતાકા વિશ્વમાં લહેરાતી કરવાની જવાબદારી છે 'શ્રી સંઘની'.

જેવી અમર ગાથા છે શીલની એવી જ ઉજ્વળ કથા

છે તપ-નિયમની.

પચ્ચક્ખાણમાં તો 'શ્રી સંઘ'નું કલ્યાણ સમાયેલું છે. બધા ધર્મો જ્યારે ખાઇ-પીને મજા કરવાની વાતો કરે છે ત્યારે જિનશાસન મજેથી તપ કરવાની વાત જણાવે છે. ખાવાનું કામ તો બધા ભવોમાં કર્યું છે. કલ્યાણકારી તપ કરવાની તક તો અહિં આ એક જ ભવમાં અને જૈન શાસનમાં જ મળે છે. અલ્પ સમય માટેના જુદા-જુદા નિયમોનો સ્વીકાર કરી આત્મશુદ્ધિમાં વૃદ્ધિ કરવાની છે.

બાહ્ય અને અભ્યંતર તપની આરાધનાથી કર્મ નિર્જરા કરવાની છે.

સામાન્ય અને વિશેષ નિયમોના પાલનથી સદ્ગતિને સદ્ધર બનાવવાની છે.


સન્માર્ગની ઉપર રથને દોડાવવાની જવાબદારી જેમ ઘોડાઓની છે તેમ મોક્ષમાર્ગ ઉપર... આત્મકલ્યાણના પથ ઉપર શ્રી સંઘને લઇ જવાની જવાબદારી તપ અને નિયમની છે. સામાન્ય એવા ચાર નિયમોનું પાલન પણ વંકચુલ ચોરને સદ્ગતિ અપાવવા સમર્થ હતું એ વાતનેનજર સમક્ષ રાખવી આવશ્યક છે. નાના મોટા તપ અને નિયમથી જીવનને શણગારવા પુરુષાર્થ આદરવા જેવો છે.

રથમાંથી જેમ વાજીંત્રોનો નાદ સંભળાય તેમ 'શ્રી સંઘ'માંથી સ્વાધ્યાયના સુરીલા સ્વર સંભળાતા હોય છે. સ્વાધ્યાય એક મહાન અભ્યંતર તપ છે. સ્વાધ્યાયથી 'શ્રી સંઘ'ની બાહ્ય અને અભ્યંતર ઋદ્ધિમાં ધરખમ વધારો થયો છે.

હરિભદ્ર પુરોહીતને યાકિની મહત્તરા સૂનુ બનાવનાર અને જિનશાસનના ચરણે ચૌદસો ચુમ્માલિસ ગ્રંથોની અણમોલ ભેટ ધરનાર પરમ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા આપણને ક્યાંથી મળ્યા ? કહેવું જ પડશે એ સ્વાધ્યાયનો પ્રભાવ હતો.

વજકુમારને પારણામાં ઝૂલતાં ઝૂલતાં અગ્યાર અંગ ભણાવનાર કયું નિમિત્તહતું ? સ્વીકારવું પડશે સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયે ચાલતા સ્વાધ્યાયનું એ મહાફળ હતું.

આવો, જિનશાસનના મહાકલ્યાણકારી 'શ્રી સંઘ' માં પ્રવેશ મેળવવા આપણા જીવનમાં શીલ-તપ અને સ્વાધ્યાયનો ત્રિવેણી સંગમ આદરીયે...



# ચક્ર રૂપી શ્રી સંઘ

દેવાધિદેવ પ્રભુ અરિહંત !

સાધના દ્વારા કેવળજ્ઞાન સુધી પહોંચી જાય... પણ કેવળજ્ઞાન પામ્યા પછી કાર્ય કરે છે શ્રી સંઘ સ્થાપનાનો ! કેટલું મહત્વપૂર્ણ કાર્ય હશે શ્રી સંઘ સ્થાપનાનું ? કેટલો મહાન હશે શ્રી સંઘ? આપણને આવા શ્રી સંઘમાં પૂર્વના અભૂતપૂર્વ પુણ્યનાઉદયથી સ્થાન મળી ગયું... પણ જ્યાં સુધી શ્રી સંઘનું સાચું સ્વરૂપ નહિં સમજાય ત્યાં સુધી આપણા મહાન પુણ્યોદયને આપણે વેડફી નાખીશું. એ માટે શ્રી સંઘના સ્વરૂપને સમજવું અત્યંતાવશ્યકછે.

શ્રી નંદીસૂત્રમાં શ્રી સંઘની ઉપમાઓના આધારે આપણે શ્રી સંઘના સ્વરૂપની વિચારણાઓ કરી રહ્યા છીએ. આગળ આપણે શ્રી સંઘને નગર અને રથની આપેલી ઉપમાઓ દ્વારા શ્રી સંઘના ગુણોનો આંશિક પરિચય કર્યો. આવો આજે આપણે આગળ વધીએ...શ્રી સંઘના પરિચયમાં વૃદ્ધિ કરીએ.

શ્રી નંદીસૂત્રમાં શ્રી સંઘને ત્રીજી ઉપમા ચક્રની આપવામાં આવી છે.

"ચક્ર" આપણે ઘણા જોયા છે...

કાર...સ્કુટર...સાયકલમાં ચક્ર હોય છે...

ઘડીયાળમાં ચક્ર હોય છે...

જુદા-જુદા મશીનોમાં ચક્ર હોય છે...

જાત-જાતના અને ભાત-ભાતના ચક્રોને જોઇને આપણે શું વિચાર્યું... શેનું મનન અને ચિંતન કર્યું ?... કેવા પ્રકારનું નવનીત મળ્યું ?

ના... આપણે કશું જ ન મેળવી શક્યા...

કારણ ? આપણી આંખો બાહ્ય દર્શન કરાવી શકી... અંતર ચક્ષુના અભાવમાં આપણને અધ્યાત્મિક સુઝબુઝ ન મળી શકે. પ્રભુ મહાવીર સ્વામીની જ્ઞાન દૃષ્ટિમાં શું દેખાયું ? ચક્ર અને શ્રી સંઘનો કેવો અલૌકિક સંબંધ જણાયો એને જાણવા સમજવા આપણે પણ પ્રયાસ કરીએ. શ્રી નંદિસૂત્ર શું કહે છે ?

## શ્રી જૈન સંઘ ચક્ર જેવો હોય

**संजमतवतुं बारगस्स, नमो समत्त पारियल्लस्स ;**
**अप्पडिचक्कस्स जओ, होउ सया संघचक्कस्स(१-५)**

સંયમ અને તપરૂપ મધ્ય ચક્ર અને આરાવાળા, સમ્યક્ત્વરૂપ બાહ્યભૂમિવાળા અને જેની સમાન કોઇ ચક્ર

નથી એવા સંઘરૂપ ચક્રનો સદા જય હો.

**ચક્રમાં શું શું હોય ?**

ચક્ર એ ગતિ અને પ્રગતિનું પ્રતિક છે. પણ એની ગતિ અને પ્રગતિ એના ત્રણ ભાગો ઉપર આધારીત છે. ચક્રના આ ત્રણ ભાગ બરાબર હોય... વ્યવસ્થિત હોય... મજબૂત હોય તો ચક્ર સલામત છે. કયા છે આ ત્રણ ભાગો ?

(૧) ચક્રના મધ્યમાં... કેન્દ્ર સ્થાને જે વર્તુળાકાર ભાગ છે તેને તુમ્બ કહેવાય છે.

(૨) ચક્રના મધ્યને કેન્દ્ર સ્થાનને જે બહારના ચક્ર સાથે જોડનાર ભાગને આરા કહેવાય છે.

(૩) ચક્રના બહારના ભાગમાં મોટા વર્તુળાકાર જે ભાગ છે તેને બાહ્યપીઠની બાહ્ય ધરી કહેવાય છે.

ચક્રના આ ત્રણ મુખ્ય ઘટકોમાંથી એકાદ ઘટકમાં પણ ખામી કે નિર્બળતા આવી જાય તો ચક્ર ખોટવાઇ જાય છે... ગતિ અટકી જાય છે.

સંઘને ચક્રની ઉપમાં આપતા શાસ્ત્રકાર મહર્ષિઓ આ ત્રણે બાબતોમાં સાવધાન છે. સંઘરૂપ ચક્રને ગતિશીલ રાખવા... મજબૂત બનાવવા શ્રી સંઘે ક્યાં સાવધાની રાખવાની છે તે જણાવે છે.

સંઘરૂપ ચક્રનાં મધ્યમાં તુમ્બના સ્થાને સત્તર પ્રકારનો સંયમ છે.

સંઘરૂપ ચક્રમાં બાર પ્રકારના તપરૂપ આરા છે અને સંઘરૂપ ચક્રમાં સમ્યગ્દર્શન રૂપ બાહ્યપીઠની બાહ્યધારા છે.

સંક્ષેપમાં કહીએ તો સ.દર્શન... સંયમ અને તપ જ્યાં છે ત્યાં જ શ્રી સંઘનું અસ્તિત્વ હોઈ શકે છે. આ ત્રણ વિના અન્ય ગુણસંપન્ન સંઘ એ સાચો સંઘ નથી... નામ માત્રનો સંઘ છે.

શ્રી સંઘરૂપ ચક્રના મધ્યમાં તુમ્બના સ્થાને સત્તર પ્રકારનો સંયમ છે. આવો, અંતર નિરીક્ષણ કરો... તમને જીવનમાં સત્તરપ્રકારનો સંયમ દેખાય છે.

શું શું હોય સત્તર પ્રકારના સંયમમાં ? સત્તર પ્રકારના સંયમમાં આશ્રવ ત્યાગ... ઈન્દ્રિય નિગ્રહ... કષાય જય અને દંડ સંયમનો સમાવેશ થાય છે.

**આશ્રવ ત્યાગ :-**

જેના દ્વારા કર્મ ઉપાર્જન થાય... અથવા કર્મના આત્મામાં પ્રવેશવાના દ્વાર તેને આશ્રવ કહેવાય છે. એવા આશ્રવ પાંચ છે –

૧. હિંસા, ૨. અસત્ય, ૩. ચોરી, ૪. અબ્રહ્મ અને

૫. પરિગ્રહ.

આ પાંચ આશ્રવનો ત્યાગ સાધકના જીવનમાં અત્યંત આવશ્યક છે. શ્રાવકના જીવનમાં ત્યાગ મર્યાદિત છે તેથી તેને અણુવ્રત છે. પણ સાધુના જીવનમાં પાંચ આશ્રવનો સર્વથા ત્યાગ હોવાથી સાધુને મહાવ્રતોનું પાલન ફરજીયાત છે.

**ઇન્દ્રિય નિગ્રહ :-**

૬. સ્પર્શેન્દ્રિય ૭. રસનેન્દ્રિય (જિહ્વા) ૮. ઘ્રાણેન્દ્રિય (નાક) ૯. ચક્ષુરિન્દ્રિય (આંખ) અને ૧૦. શ્રોતેન્દ્રિય (કાન) આ પાંચ ઇન્દ્રિય છે એના વિવિધ ત્રેવીસ વિષય છે. આ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત ન થવું. તે વિષયોથી આત્માને નિર્લેપ રાખવો. શુભ કે અશુભ વિષય પ્રાપ્તિમાં રાગ-દ્વેષ ન કરવો. સમતામાં સ્થિરતા કરવી તે 'ઇન્દ્રિય નિગ્રહ' છે.

**કષાય જય :-** કષ એટલે સંસાર અને આય એટલે આવક. જેનાથી સંસારની વૃદ્ધિ થાય તે કષાય છે. આ કષાય મુખ્યત્વે ચાર છે. ૧૧. ક્રોધ ૧૨. માન ૧૩. માયા અને ૧૪. લોભ. આ કષાય આત્માને ચાર ગતિમાં રખડાવનાર અને દુઃખી કરનાર છે. આત્માના અખુટ ઐશ્વર્યના સ્વામી બનવા ઇચ્છનાર સાધકે કષાય ઉપર વિજય મેળવવો જોઇએ. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકુળ સંયોગોમાં આત્મા પોતાની સમાધિ ન

ચૂકે એ માટે કષાય જય અનિવાર્ય છે. વિપરીત પરિસ્થિતિમાં પણ કષાયની ઉત્પત્તિ ન થવા દેવી... એમને પ્રગટ થતાં અટકાવવા એ કષાય જય છે.

**દંડ સંયમ :-** ૧૫. મન ૧૬. વચન અને ૧૭. કાયા. આ ત્રણેને જૈન શાસનમાં 'દંડ' કહ્યા છે. આત્માને દંડ કરનાર આ ત્રણ છે. એમની શુભ પ્રવૃત્તિ પુણ્યબંધ કરાવે છે એમની અશુભ પ્રવૃત્તિ પાપ બંધ કરાવે છે પણ આ ત્રણેની સ્થિરતા... સમાધિ અને અંતરમુખતા આત્માનેએની પવિત્રતા અને ઐશ્વર્ય અપાવે છે. મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી શુભ પ્રવૃત્તિઓમાંથી શુદ્ધમાં પ્રવેશ કરવો એજ દંડ સંયમ છે.

આવા પ્રકારના કુલ ૧૭ પ્રકારના સંયમથી શાસનમાં પવિત્રતાનો સંચાર થાય છે. શાસન અને સંઘમાં મધ્ય અને મુખ્ય સ્થાન આ સત્તર પ્રકારના સંયમનું છે. આપણા જીવનમાં આ ૧૭ પ્રકારના સંયમની વૃદ્ધિ માટે આપણે કેટલા સાવધાન છીએ ? કરજો સવાલ... જવાબ અંદરથી મળીને જ રહેશે.

મુખ્ય આધાર જ્યાં સંયમ હોય ત્યાં તપ કેવી રીતે પાછળ રહી શકે. જ્યાં ધુમાડા ત્યાં અગ્નિ હોય જ તેમ જ્યાં

સંયમ ત્યાં તપ હોય જ.

ચક્રરૂપ સંઘમાં તુમ્બના સ્થાને જો સંયમ છે તો આરાના સ્થાને બાર પ્રકારનું તપ છે.

તપ એતો જિન શાસનનો... શ્રી સંઘનો શણગાર છે. તપ વિનાનો સંઘ ક્યારેપણ શોભતો નથી. શાસ્ત્રકાર મહર્ષિઓએ કર્મ નિર્જરા માટે... ભવોભવના ભેગા કરેલા કર્મોને ભગાડવા માટે તપને અદ્ભૂત શસ્ત્ર કહ્યું છે. આવું તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનું છે. બન્નેના ૬-૬ ભેદ હોવાથી કુલ બાર પ્રકારનું છે.

**બાહ્ય તપ :- ૧. અનશન** - આહારનો સર્વથા અથવા મર્યાદિત સમય માટે ત્યાગ કરવો એને અનશન કહેવાય છે. ઉપવાસાદિ તપનો એમાં સમાવેશ થાય છે.

**૨. ઉણોદરી :-** ભૂખ લાગી હોય એનાથી ઓછું ખાવું પેટને સંપૂર્ણ ન ભરતાં કાંઇક ખાલી રાખવું. એને ઉણોદરી કહેવાય છે. આળસ-પ્રમાદને દૂર કરવા અને સાધનામાં સ્ફૂર્તિને જાળવી રાખવા આ તપ સહાયક બને છે.

**૩. વૃત્તિ સંક્ષેપ** - અનાદિ કાળથી જીવને સતાવતી આહાર સંજ્ઞાને ઘટાડવા અને વૃત્તિઓને સંક્ષેપવા માટે કરવામાં આવતું આ તપ છે. આ તપમાં વિવિધ નિયમ અને

અભિગ્રહ લઇને એનું પાલન કરવામાં આવે છે. આજે ત્રણ-ચાર વખતથી વધારે ખાઇશ નહિં... ખાવા બેસીશ ત્યારે ૫ કે ૭ વસ્તુથી વધારે વાપરીશ નહીં... અમુક અમુક વસ્તુઓનો ત્યાગ કરીશ...પાંચ ઘરમાંથી જે ભિક્ષા મળશે એનાથી જ સંતોષ માનીશ આવા નિયમોથી આહાર-સંજ્ઞા ઉપર વિજય મેળવી શકાય છે.

**૪. રસત્યાગ :-** માંસ, મદિરા, માખણ અને મધ એ ચાર મહાવિગઇઓ છે જે આત્માને ઘોરાતી ઘોરનરકમાં લઇ જનાર છે. એ બધાને માટે સર્વથા ત્યાજ્ય જ છે.

દુધ, દહિં,ઘી, તેલ, ગોળ અને કડા (તળેલી ચીજો) આ છ વિગઇઓ જો વધુ પ્રમાણમાં લેવામાં આવે તો ઇન્દ્રિયોને તોફાને ચડાવનાર સાબિત થાય છે. એથી ઇન્દ્રિયો વશમાં રહેતી નથી અને અનેક પાપબંધની પ્રવૃત્તિઓ કરે છે. એનેઅટકાવવા આ વિગઇઓની મર્યાદા કરવી સાધક માટે આવશ્યક છે. દરરોજ ૧-૨-૩-૪ કે વધારે વિગઇઓનો ત્યાગ કરવો જોઇએ.

**૫. કાયાક્લેશ :-** અનાદિકાળથી આપણે કાયાને પંપાળતા આવ્યા છીએ. કાયાને વધુને વધુ અનુકુળતા, સુખ કેમ મળે ? એ તરફની જ આપણી પ્રવૃત્તિ રહી છે. પરંતુ

જિનશાસન આપણને પ્રતિકુળતામાં પ્રસન્નતાને ટકાવી રાખવા માટેનો રાજમાર્ગ બતાવે છે. કાયાને કષ્ટ આપવું અને સાથે આપણી સમતા - સમાધિ ટકાવી રાખવી તે કાયક્લેશ તપ છે. વિવિધ આસનો... લોચ... વિહાર વિગેરે કાયાક્લેશ તપ છે.

**૬. સંલીનતા :-** સંલીનતા એટલે સંકોચ કરવો... સંવરણ કરવું. અશુભમાંથી અટકવું એ સંલીનતા છે.

અશુભ માર્ગે જતી ઈન્દ્રિયોને અટકાવવી - રોકવી તે **ઈન્દ્રિય સંલીનતા.**

ચાર કષાયોમાંથી અટકવું... વિરામ પામવું તે **કષાય સંલીનતા.**

અશુભ પ્રવૃત્તિમાંથી યોગને રોકવું અટકાવવું. તે **યોગ સંલીનતા.**

સ્ત્રી, પશુ, નપુંસક આદિના સંસર્ગથી રહિત સ્થાનમાં રહેવું તે **વિવિક્ત - ચર્યા સંલીનતા** છે.

નજર કરી લો તમારા જીવન તરફ આમાંથી કેટલું છે તમારી પાસે 'શ્રી સંઘ'માં સ્થાન મેળવવા અને 'શ્રી સંઘ'ને શોભાવવા આ બધું જરૂરી છે... કારણ આ બાહ્યતપના સહારે જ અભ્યંતર તપમાં પ્રવેશ મેળવવાનો છે. અભ્યંતર

તપથી જીવન શણગારવા એને જાણીએ... પામીએ અને માણીએ...

**૧. પ્રાયશ્ચિત :-** માનવ માત્ર ભૂલને પાત્ર. છદ્મસ્થ માનવીથી ભૂલ થઇ જાય એ શક્ય છે. પણ ભૂલ થઇ ગયા પછી ભૂલનું ભાન થવું... ભૂલનો ગુરુ ભગવંતની પાસે સ્વીકાર કરવો... ભવિષ્યમાં ભૂલ ન થાય એ માટે પ્રતિજ્ઞા કરવી... થઇ ગયેલી ભૂલને માટે, પાપને માટે પશ્ચાતાપ કરીને ગુરુ ભગવંત પાસેથી એના માટે દંડ-સજા સ્વીકારવી તે પ્રાયશ્ચિત છે. પ્રાયશ્ચિતથી આત્મા પાપભીરૂ અને કરુણાવંત બને છે.

**૨. વિનય :-** આપણાથી જ્ઞાનવૃદ્ધ... ચારિત્રવૃદ્ધ... ગુણવૃદ્ધ વયોવૃદ્ધ અથવા અન્ય રીતે મોટા હોય... મહાન હોય... તેમના પ્રત્યે ક્યારેય હૃદયમાં અસદ્ભાવ ન જાગે... એમનું ક્યારેય અપમાન ન થાય એનો ખ્યાલ રાખી સદા એવા રત્નાધિક પ્રત્યે સદ્ભાવ ધારણ કરવો એમનું બહુમાન કરવું એમની નમ્રતા પૂર્વકનો વ્યવહાર કરવોતે વિનય નામનું તપ છે. વિનય સર્વ ગુણોનું મૂળછે.

**૩. વૈયાવૃત્ય :-** વૈયાવૃત્ય અથવા વૈયાવચ્ચ એટલે ભક્તિ. મહાન આચાર્ય, ઉપાધ્યાય,તપસ્વી, જ્ઞાની, સાધુ-

સાધ્વીજી એવા ગુણવાન મહાત્માઓની અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર, વસ્તી, વંદન આદિ દ્વારા ભક્તિ કરી એમની સાધના, આરાધનામાં સહાયક બનવું તે વૈયાવૃત્ય નામનું તપ છે. એનાથી જીવનમાં સત્સંગનો લાભ મળે છે... જીવન ઉર્ધ્વગામી બને છે.

**૪. સ્વાધ્યાય :-** સૂત્ર-શાસ્ત્ર અને પ્રવચનાદિ દ્વારા પોતાની જાતને ભણાવવું તે સ્વાધ્યાય છ. તેના પાંચ પ્રકાર છે. **૧. વાચના** - ભણવું અને ભણાવવું. **૨. પૃચ્છના** - શંકાદિનું ગુરુ પાસેથી સમાધાન મેળવવું. **૩. પરાવર્તના** - જે કાંઇ ભણ્યા હોઇએ તેને ફરી ફરી સ્મરણમાં લાવવું. **૪. અનુપ્રેક્ષા** - વાંચેલી વાતને એકાગ્ર ચિત્તે વિચારવી. **૫. ધર્મોપદેશ** - ધર્મકથા કરવી લોકોને પોતે સમજેલું સત્ય સમજાવવું. આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય સાધકને શુભ વિચારોમાં સ્થિર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

**૫. ધ્યાન :-** ત્રણે યોગની એકાગ્રતા અથવા ચિત્તની એકાગ્રતા તે ધ્યાન છે. જિનશાસનમાં ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે જેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અશુભ છે. અશુભ કર્મ બંધાવી સંસારમાં ભમાડનાર અને આત્માનું એકાંતે અહિત કરનાર છે. આ બન્ને ધ્યાનનો ત્યાગ કરવાનો છે.

ધર્મધ્યાન અને શુક્લધ્યાન જ તપ રૂપે છે. આ ધ્યાન આત્મશુદ્ધિ અને આત્મકલ્યાણ કરનાર છે.

**૬. ઉત્સર્ગ** – ઉત્સર્ગ એટલે ત્યાગ. વસ્તુના ત્યાગ કરતાં એના પ્રત્યેની આસક્તિ અને મમત્વનો ત્યાગ કરવાનો છે. સર્વ વસ્તુઓ ઉપરથી મમત્વ ઘટાડવું સહેલું છે પણ કાયા ઉપરથી મમત્વ ઘટાડવું મુશ્કેલ છે. અહિં કાયોત્સર્ગ દ્વારા કાયાના મમત્વને ઘટાડવાની અને આત્મ ભાવના ભાવવાની... આત્મ રમણતામાં સ્થિરતા કરવાની વાત તપરૂપે સ્વીકારવામાં આવી છે. હું આત્મા છું... દેહ પર છે... દેહને ગમે તેવા ઉપસર્ગ – પરિષહ આવે મારે આત્માની સમાધિ ગુમાવવી નથી. આવી ઉત્કૃષ્ટ ભાવનામાં આગળ વધારનાર આ તપ છે. આ તપની આરાધના દ્વારા જ અનંત પુણ્યાત્માઓ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે... પામે છે અને પામશે.

આવા કર્મ નિર્જરાના પ્રબળ કારણરૂપ તપધર્મ એ શ્રી સંઘના પ્રાણ છે. ચક્રમાં આરાઓનું જેમ વિશિષ્ટ સ્થાન છે તેમ શ્રી સંઘમાં પણ બાર પ્રકારના ઉત્તરોત્તર વધતા પ્રભાવવાળા તપનું અનોખું સ્થાન હોવું જ જોઈએ. તપધર્મમાં જો આપણે ચઢતે પરિણામે આગળ વધી રહ્યા છીએ તો જ આપણે શ્રી સંઘમાં સ્થાન પામી શકીશું. જાતને તપાસતાં

તપાસતાં જિનેશ્વરના માર્ગે આગળ વધીએ.

ચક્રમાં જે સ્થાન બાહ્ય ધરીનું છે દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા સ્થાપિત શ્રી સંઘમાં તેજ સ્થાન સમ્યગ્ દર્શનનું છે. ચક્રની પૂર્ણતા બાહ્ય ધરી વિના નથી. કેવળ તુમ્બ અને આરા ક્યારે પણ ચક્ર ન બની શકે. તુમ્બ અને આરા બાહ્યધરી સાથે જોડાય એ અત્યંત આવશ્યક છે. તેમજ સંયમ અને તપ સમ્યગ્ દર્શન સાથે જોડાય તોજ ત્રણેના સંગમથી 'શ્રી સંઘ' તીર્થ અને તીર્થંકરનું સ્થાન અને માન પામે છે.

સમ્યગ્દર્શનનું મહત્વ જિન શાસનમાં અપરંપાર છે. સંયમ અને તપની સફળતા પણ સમ્યગ્દર્શન થી જ છે. સમ્યગ્ દર્શન નથી તો જીવનમાં અંધકાર છે. સમ્યગ્ દર્શન વિનાના સંયમ અને તપ નિષ્ફળ છે. સમ્યગ્ દર્શન એ આત્માનો ગુણ છે. સમ્યગ્ દર્શનને મુક્તિનું બીજ કહીએ તો એમાં કશું જ ખોટું નથી. બીજ વિના અંકુર નથી. પાંદડા... પુષ્પ નથી... વૃક્ષ નથી... ફળ નથી. તેવી જ રીતે સમ્યગ્ દર્શન વિના સમ્યગ્ જ્ઞાન નથી... સમ્યગ્ ક્રિયા નથી... સમ્યગ્ ચારિત્ર નથી... સમ્યગ્ તપ નથી... અંતે કર્મક્ષય અને મુક્તિ પણ નથી.

સમ્યગ્ દર્શનનો સરળ અર્થ છે સાચી સમજણ અથવા વિવેક દૃષ્ટિ દેવમાં દેવબુદ્ધિ... ગુરુમાં ગુરુબુદ્ધિ... અને

ધર્મમાં ધર્મબુદ્ધિ એવી સમ્યગ્ દર્શનની વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કરે છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, એવં દેવ, ગુરુ ધર્મ ઇત્યાદિ સમસ્ત તત્વ પદાર્થ અને તેના અર્થમાં સંપૂર્ણ શ્રદ્ધા એનું નામ સમ્યગ્ દર્શન એમ હરિભદ્રસૂરિ કહે છે.

આ તો સમ્યગ્ દર્શનનો સંક્ષિપ્ત પરિચય છે. પણ એ સાધક જીવનનું અતિ મહત્વનું અંગ છે.

આવા સંયમ, તપ, અને સમ્યગ્ દર્શનનો ત્રિવેણી સંગમ તે શ્રી સંઘ છે. ચાલો, ચિંતન કરીએ... વિચારણા કરીએ આપણા જીવનમાં આ ત્રણેનો અંશ કેટલો ? જો તમને તમારા જીવનમાં ઉપરોક્ત ત્રણેનો સંગમ દેખાય તો તમે ધન્યવાદને પાત્ર છો. તમે જિનશાસનના મહાન 'શ્રી સંઘ'ના સાચા સદસ્ય અને મહામોંઘેરા રત્ન છો. પણ જો તમને ક્યાંય ખામી દેખાય. જીવનમાં કાંઇક કચાશ જણાય તો પુરુષાર્થ આદરજો. પ્રયત્ન કરજો... જાગૃત બની... સાવધાન બની સાધનામાં જોડાઇને આત્માનો ઉત્તરોત્તર વિકાસ સાધી ''શ્રી સંઘ'' ના સાચા સભ્ય બનજો.

# કમળ રૂપી શ્રીસંઘ

તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર !

તીર્થંકર પરમાત્મા ફક્ત તીર્થની સ્થાપના જ કરતા નથી પણ જ્યારે જ્યારે દેશના આપવા સમવસરણમાં બિરાજમાન થાય છે ત્યારે ત્યારે '**નમો તીત્થસ્સ**' કહીને તીર્થને નમસ્કાર કરીને તીર્થનું બહુમાન પણ કરે છે. તીર્થની સ્થાપના અને બહુમાન ખુદ તીર્થંકર પરમાત્મા કરે તે તીર્થ આપણા સહુના માટે પણ પૂજનિય... સન્માનનીય... વંદનીય... હો એમાં ક્યાંય શંકાને સ્થાન નથી... આ તીર્થના સન્માનથી જ તીર્થંકર પદ સુધી પહોંચાય છે.આ તીર્થ એટલે જ 'શ્રી ચતુર્વિધ સંઘ'.

આ 'શ્રી તીર્થ'માં કે 'શ્રી ચતુર્વિધ સંઘ'માં જન્મ મળવો એ પણ મહાભાગ્યની નિશાની છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે આવા શ્રી સંઘના સભ્ય છીએ. આ સંઘને મહાપુરુષોએ જુદી જુદી રીતે વખાણ્યો છે. એનું અદ્‌ભૂત સ્વરૂપ સમજાવી આપણને જાગૃત અને સાવધાન

કર્યા છે.

શ્રી નંદીસૂત્રના આધારે આપણે 'શ્રી સંઘ'ને આપેલી વિવિધ ઉપમાઓની વિચારણા કરી રહ્યા છીએ. આપણે શ્રી સંઘને આપેલી નગર... રથ... ચક્ર આદિની ઉપમાઓનો આંશિક વિચાર કર્યો. આવો હવે આપણે આગળ વધીએ... શ્રી સંઘના પરિચયમાં વૃદ્ધિ કરીએ.

શ્રી નંદીસૂત્રમાં શ્રી સંઘને ચોથી ઉપમા કમળની આપવામાં આવી છે.

કમળને યાદ કરીએ એની સાથે ઘણી વસ્તુઓ સ્મૃતિપટ ઉપર આવી જાય છે...

નિર્મળ જળથી ભરેલું સરોવર... લાંબી નાલિકાથી પાણી ઉપર આવતા મનોહર કમળ... સૂર્યના ઉદયથી ખીલતાં... ચારેબાજુ ભમરાઓના ગુંજારવથી શોભતા નયનોને આનંદ આપતા... સર્વત્ર સુવાસ ફેલાવતા કમળ... આવા કમળની સાથે પરમાત્માના 'શ્રી સંઘ'ની સરખામણી કરવામાં આવી છે. આપણે કમળ જોયા હશે પણ ક્યારેય એના દ્વારા અધ્યાત્મિક વિચારણા નહિં કરી હોય. આજે આપણને નવી દૃષ્ટિ મળશે.

**શ્રી નંદીસૂત્ર શું કહે છે ? શ્રી જૈન સંઘ કમળ જેવો હોય છે.**

**कम्मरयजलोह विणिग्गयस्स, सुयरयणदीहनालस्स ;**
**पंचमहव्वयथिर कण्णियस्स, गुणकेसरालस्स ।।७।।**
**सावगजण महुयरि परिवुडस्स, जिणसूर तेयबुद्धस्स ;**
**संघपउमस्स भद्द, समणगण सहस्सपत्तस्स. ।।८।।**

કર્મરજરૂપી જળના સમૂહમાંથી નીકળેલા શાસ્ત્રરત્ન રૂપી દીર્ઘ નાળચાવાળા પાંચ મહાવ્રતરૂપી દ્રઢ કર્ણિકાવાળા, ગુણરૂપી કેસરાવાળા, શ્રાવકજનરૂપ ભમરીઓથી વિંટાયેલા જિનરૂપી સૂર્યના તેજથી પ્રફુલ્લિત થયેલા અને મુનિગુણરૂપી હજાર પાંખડીવાળા સંઘરૂપી કમળનું કલ્યાણ થાઓ (૭-૮)

**કમળમાં શું શું હોય ?**

કમળ નિર્લેપતા... સુવાસ અને સૌંદર્યનું પ્રતિક છે. પણ એની નિર્લેપતા સુવાસ અને સૌંદર્યનો આધાર છે એની દીર્ઘ નાળ... કર્ણિકા... કેસરા... પાંખડીઓ અને આજુબાજુ ગુંજારવ કરતી ભ્રમરીઓ. આ બધામાંથી એકની પણ ગેરહાજરી કમળની શોભાને ખતમ કરી નાંખે છે. આવો કમળનું બરાબર નિરીક્ષણ કરીએ એમાં શું શું છે ?

(૧) સરોવરના તળીયામાં કમળની વેલડીઓ હોય પણ કમળનું પુષ્પ તો પાણીની ઉપર હોય. ઠેઠ સરોવરના ઉંડાણમાંથી કમળના પુષ્પને પાણીની સપાટીથી ઉપર લાવનાર દીર્ઘ નાળ છે. જેના વિના કમળનું પાણી ઉપર ખીલવું શક્ય નથી.

(૨) કમળના પુષ્પના મધ્યભાગમાં મજબૂત કર્ણિકા હોય છે. ત્યાં જ બીજોની ઉત્પત્તિ થાય છે જેથી બીજા કમળના વેલાઓ તૈયાર થઇ શકે.

(૩) કર્ણિકાની આજુબાજુ કેસરા હોય છે જે પુષ્પની શોભામાં અભિવૃદ્ધિ કરે છે તથા એના વિકાસમાં મુખ્ય ભાગ ભજવે છે.

(૪) કેસરાની બહાર અત્યંત મનોહર કોમળ, આકર્ષક પાંખડીઓ હોય છે.

(૫) સુર્યના તેજથી કમળ ખીલે છે.

(૬) એના સુવાસ અને સૌંદર્યથી આકર્ષાઇને અનેક ભમરા-ભમરીઓ એને ઘેરી વળે છે.

શ્રી સંઘને કમળની ઉપમા આપતાં શાસ્ત્રકાર મહર્ષિઓ અત્યંત સાવધાન છે. શ્રી સંઘનો પ્રભાવ વધારવા... એની

સુવાસ સર્વત્ર ફેલાવવા શ્રી સંઘે ક્યાં ક્યાં સાવધાની રાખવાની છે આ વાત અહિં સ્પષ્ટ કરવામાં આવી છે.

શ્રી સંઘરૂપી કમળમાં શાસ્ત્ર રત્નરૂપી નાળચું છે. શાસ્ત્રજ્ઞાન જ શ્રી સંઘને કર્મરૂપી જળથી દૂર અને અલિપ્ત રાખી શકે છે.

નજર કરીએ આપણા પોતાના જીવન તરફ ! શાસ્ત્ર રત્ન દેખાય છે ક્યાંય ? આપણી તિજોરીમાં હીરા હશે... પન્ના હશે... મણિ હશે.. માણેક હશે.. સ્ફટિક રત્ન હશે... પરવાળો હશે.. બધું હશે પણ શાસ્ત્ર રત્ન છે ?

બધા રત્નો હશે પણ જો શાસ્ત્ર રત્ન નથી તો જ્ઞાનીઓની દૃષ્ટિએ આપણે ગરીબ છીએ.. રંક છીએ...ભિખારી છીએ.

શ્રી સંઘના સફળ સભ્ય બનવા શાસ્ત્રજ્ઞાન અત્યંત આવશ્યક છે. પણ આજે આપણે એ દિશામાં બેદરકાર છીએ... તેથી ગહન અંધકારમાં અથડાઇ રહ્યા છીએ. સત્તા માટે બધા દોડી રહ્યા છે... સીટો માટે પડાપડી થઇ રહી છે. પણ કોઇને શાસ્ત્રજ્ઞાન મેળવી સાચી યોગ્યતા કે લાયકાત મેળવવી કે કેળવવી નથી.

પરમાત્મા મહાવીરસ્વામીએ સ્થાપેલા શ્રી સંઘનું ગૌરવ જાળવવાની યત્કિંચિત ભાવના પણ આપણા હૃદયમાં હોય તો આપણે બધું છોડી શાસ્ત્ર રત્નને મેળવવા સાચો પુરુષાર્થ કરવામાં લાગી જઇએ એ જ ઇચ્છનીય છે.

શ્રી સંઘરૂપી કમળમાં પાંચ મહાવ્રતરૂપી દૃઢ કર્ણિકા છે.

કર્ણિકા એ કમળનો મુખ્ય ભાગ છે તેના આધારે જ કેસરા, પાંખડીઓ રહેલી છે. તેવી જ રીતે શ્રી સંઘમાં મુખ્ય પાંચ મહાવ્રતો છે. પાંચ મહાવ્રતોના સુંદર પાલન અને આરાધનાથી જ શ્રી સંઘ મજબૂત બને છે. પાંચ મહાવ્રતોનું સુયોગ્ય પાલન કરનાર જ શ્રી સંઘને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે. સ્વાર્થ અને પરમાર્થ બન્નેનું એક સ્થાને ટકવું શક્ય જ નથી. જે સંઘમાં પાંચ મહાવ્રતોનું અણીશુદ્ધ પાલન કરતા સાધુ ભગવંતો છે તે સંઘ બડભાગી છે. એનો અભ્યુદય નિશ્ચિત છે. પણ જે સંઘ સાધુના વ્રત પાલનની બાબતમાં આંખ આડા કાન કરે છે. સાધુને શુદ્ધ વ્રત પાલન માટે સાવધાન કરતો નથી તે સંઘ કે વ્યક્તિ સ્વયં ડૂબે છે અને શ્રી સંઘને પણ પતનના માર્ગે લઇ જાય છે. જાણીલો જાતને

આપણો નંબર ક્યાં લાગે છે ? સાચો શ્રી સંઘ સાધુને સાધુ તરીકે જીવાડે...સાધુ તરીકે સાચવે... સાધુ તરીકે સેવે અને સાધુ તરીકે એની પાસેથી જે લેવા જેવું હોય તે લેવા જ એની પાસે જાય... એ જ સંઘ સાધુ-સાધ્વીજી ભગવંતના માતા-પિતાના સ્થાને છે.

સાધુ શિથિલાચારી બનશે... શ્રાવક-શ્રાવિકા વ્રત પાલનમાં શિથિલ બનશે... બન્ને એકબીજાની શિથિલતાને છાવરશે... નભાવશે... ચલાવશે... અને એમાં જ શ્રી સંઘનું પતન થવાની સંભાવના હોય છે.

કર્ણિકા જો પાંચ મહાવ્રત છે તો કેસરામાં અન્ય ગુણોનો સમાવેશ થાય છે. ગુણોથી જ જીવનની શોભા છે. શ્રાવક હોય કે સાધુ... ગુણોની આવશ્યક્તા જીવન વિકાસ એવં સંઘ વિકાસ માટે અત્યંત જરૂરી છે. આજના કાળમાં ગુણોનો દુષ્કાળ જોવા મળે છે.. તેથી જ ધર્મભાવના અને સંઘ ભાવનાનો હ્રાસ થતો જોવા મળે છે. ક્ષમા... સરળતા... નમ્રતા... ઉદારતા... નિર્મળતા... આ બધા ગુણો વિના સામાન્ય જીવન પણ સુખકારક કે આનંદદાયક બની શકતું નથી. અહિં તો શ્રી સંઘની વાત જણાવી છે ત્યાં આ પાયાના

ગુણો ઘણા જ મજબૂત હોવા જોઇએ... આપણા જીવનમાં જો આ ગુણો ખુટતા દેખાય તો જરૂર એ ગુણોને જીવનમાં વિકસિત કરવા આપણે પ્રયાસ કરવો જોઇએ. શાસ્ત્રોએ શ્રાવકના એકવીસ અને સાધુના સત્યાવીશ ગુણો જણાવ્યા છે. આ ગુણોના સ્વામી બનવા આપણે પુરુષાર્થ કરવો રહ્યો.

આ કમળ ઉપર શ્રાવક-શ્રાવિકારૂપ ભ્રમર-ભ્રમરીઓ વિંટળાયેલી છે.

જ્યાં શ્રી સંઘ છે... જ્યાં શ્રી સંઘનું કોઇ પણ કાર્ય છે. શ્રાવક-શ્રાવિકાઓની હાજરી અતિ આવશ્યક છે. પરંતુ આપણી કમનશીબી છે કે આજે શ્રાવક-શ્રાવિકાઓ પોતાના સંસારમાં... ધંધાના કાર્યોમાં એવા લયલીન છે કે શ્રી સંઘના કે ધર્મના કાર્યો તરફ એમને રૂચિ નથી... તેથી જ એમની પાસે સમય નથી. આજે ધર્મસ્થાનોમાં આરાધના કરવા શ્રાવક-શ્રાવિકાઓને બોલાવવા જુદિ જુદિ જાતના પ્રલોભનો આપવામાં આવે છે. નાટકો, નૃત્યો, રાસ, ગરબા, સ્વામિવાત્સલ્ય આદિ ગોઠવવા પડે છે. આ બધાના કારણે ધીમે ધીમે ધર્મનું મુલ્ય ઘટતું જાય છે. અને અયોગ્ય ક્રિયાકાંડો ધર્મસ્થાનમાં પોતાનું જોર વધારતા જાય છે. ઘણીવાર તો લાગે

છે આજે ઉપાશ્રયોમાંથી અને જિનાલયોમાંથી સાચો ધર્મ ક્યારનો વિદાય લઇ ગયો છે. સાપ ગયા ને લીસોટા રહ્યા જેવા ઘાટ થયા છે. ધર્મથી... ધર્મના સિદ્ધાંતોથી સર્વથા વિપરીત પ્રવૃત્તિઓ દિવસે દિવસે વધતી જાય છે. આ બધાના મૂળમાં શ્રાવક-શ્રાવિકાઓની નિષ્ક્રિયતા અને અજ્ઞાનતા છે. શ્રી સંઘોની મિટિંગોમાં હાજરી નહિંવત્ છે. જેને જેમ કરવું હોય તેમ કરવાની છૂટ છે. આ પરિસ્થિતિ શાસનનું અને શ્રી સંઘનું અહિત કરનાર છે. આપણે જેટલા વહેલા જાગશું તેટલું શાસનને જલ્દી બચાવી શકીશું.

હે શાસનના... શ્રી સંઘના આધાર સ્તંભો... હે શ્રાવક-શ્રાવિકાઓ જાગો... મોહનિદ્રાને ત્યાગી શ્રી સંઘના ઉત્થાનમાં તન-મન-ધનથી લાગી જાઓ...

કમળના પુષ્પની મુનિગુણરૂપી હજાર પાંખડીઓ છે.
કમળની શોભા પાંખડીઓથી છે...
શ્રી સંઘની શોભા સાધુ-મુનિરાજોથી છે...
મુનિ જીવનની શોભા એના ગુણોથી છે...

સાધુ ગુણવાન હોય તો જ આ શાસન અને શ્રી સંઘની શાન અને શોભામાં વૃદ્ધિ કરે છે.. પણ જો સાધુ ગુણ

રહિત છે તો શાસન અને શ્રી સંઘ માટે કલંક છે.

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપી સંઘ મહાન છે... અત્યંત મહાન છે જો તેઓ પોતાની ફરજ પ્રત્યે જાગૃત છે !

નાકોડા ઉજ્જડ થયું... શા માટે ?

એકદા એક કન્યા પાણી ભરવા ગઈ... રાજકુમાર ઘોડાને પાણી પીવડાવવા ત્યાં જ આવ્યો... રાજકુમારની નજર કન્યા ઉપર પડી... ઓ હો ! તારા વાળ કેવા સુંદર છે ? એનાથી મારા ઘોડાની ચાબુક સારી બને''... રાજકુમારના આ વર્તનની વાત મહાજનના કાને ગઈ... ભવિષ્યમાં આ રાજકુમાર રાજા બનશે તો માતા-બહેનોના શીલ કેમ સચવાશે ? જેસલમેરનો સંઘ કાઢવાનો નિર્ણય લેવાયો... રાજા તરફથી રક્ષણ અને સહાય... ચારસો ઘરો જેસલમેર સંઘમાં ગયા અને ત્યાં જ રહી ગયા... ધીમે ધીમે બીજા ઘરો પણ નાકોડા ત્યાગી જેસલમેરમાં સ્થિર થયા... કેવી દીર્ઘદૃષ્ટિ હતી શ્રી સંઘ પાસે...

શીલની સલામતીના પ્રશ્ને નાકોડા ઉજ્જડ થયું... આજે આપણે ક્યાં છીએ ? નજર સામેના લાભને મેળવવા

અમે ભાવિના સર્વ સલામતી... સદ્ગુણો અને ચારિત્રના આચારોને ભૂલી જવા તૈયાર છીએ... જીવનને અંધકારમય બનાવી દઈએ છીએ...

જે શ્રી સંઘને પચ્ચીસમા તીર્થંકર જેવી સર્વોત્કૃષ્ટ પદવી અને સ્થાન આપવામાં આવ્યું છે. એના ગૌરવ અને ગરીમાને ટકાવવી એ આપણી પ્રથમ ફરજ છે. જીવનની ફરજ અદા ન કરી શકીએ તો જીવન જીવ્યાની સફળતા ક્યાં છે ? આપણી મોહ નિદ્રાને ત્યાગી... સત્વરે જાગૃત થઈ આપણા સ્થાનને શોભાવવા સાચી યોગ્યતા... પાત્રતા કેળવવા સાવધાન બનીએ.



# ચંદ્ર રૂપી શ્રી સંઘ

સતીત્વ વિના શૃંગાર નકામો...
બ્રેક વિના ગાડી નકામી...
ખાંડ વિના મિઠાઈ નકામી...
લુણ વિના ભોજન નકામું...
વરસાદ વિના વરસ નકામું...
આવક વિના ધંધો નકામો...
પ્રભુ વિના મંદિર નકામું...
ભક્તિ વિના ભક્ત નકામો...
તેવી રીતે જિનાજ્ઞા વિનાનો સંઘ નકામો.

આવા શ્રી સંઘના સ્વરૂપની આપણે વિચારણા કરી રહયા છીએ. નંદીસૂત્રમાં વિસ્તારથી શ્રીસંઘનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

આપણે બડભાગી છીએ... આપણને પરમાત્માએ સ્થાપેલા શાસનમાં જન્મ મળી ગયો... આપણે જન્મથી જૈન બની ગયા... પરંતુ ભગવાન મહાવીર સ્વામિએ સ્થાપેલા શ્રી સંઘમાં આપણો પ્રવેશ થાય છે ખરો ? એ જાણવા આપણે

ક્યારેય પ્રયત્ન કર્યો છે ખરો ? પ્રયત્ન અનંત આવશ્યક છે.

આગળ આપણે નંદીસૂત્રમાં અપાયેલ સંઘની ઉપમાઓમાંથી નગર, રથ, ચક્ર અને કમળની ઉપમા દ્વારા સંઘના સ્વરૂપને જાણવાનો કાંઇક પ્રયત્ન કર્યો. એ પ્રયત્નોમાં આગળ વધીએ.

ચંદ્રના સ્વરૂપને જાણીને પછી એની સંઘ સાથે સરખામણી કરવાની છે. ચંદ્રમાં શું શું વિશેષતાઓ છે ? એમને જાણવા માટે પ્રયત્નશીલ બનવાનું છે.

ચંદ્રમાં સૌમ્યતા છે...

ચંદ્રમાં નિર્મળતા છે...

ચંદ્રમાં ઉજ્વળતા... શુદ્ધતા છે...

ચંદ્રમાં શીતલતા છે...

ચંદ્રમાં સૌમ્ય પ્રકાશ છે...

ચંદ્રમાં કલંક છે... મૃગ લંછન છે...

ચંદ્રમાં વૃદ્ધિ-હાનિ એટલે ઘટ-વધ જોવા મળે. સુદ પક્ષમાં ચંદ્રની કલાઓમાં વૃદ્ધિ થાય છે... જ્યારે વદ પક્ષમાં ચંદ્ર કલા કલાથી નિત્ય ઘટતો જાય છે.

ચંદ્ર ગ્રહણ સમયે રાહુથી ગ્રસાય છે.

આવા ચંદ્ર સાથે શ્રી સંઘને સરખાવ્યા પછી શ્રી સંઘ તો

ચંદ્રથી પણ શ્રેષ્ઠ છે. એમ જણાવતાં શ્રી નંદીસૂત્રમાં જણાવે છે- સમતારૂપે શીલગુણે કરી ચંદ્રમાં સમાન છે.

**तवसंयम मियलंछण, अकिरिय राहुमुह दुद्धरिस निच्चं ।**
**जय संघचंदनिम्मल - सम्मत्त विसुद्ध जुण्हागा ।।९।।**

બાર પ્રકારનું તપ અને સત્તર પ્રકારે સંયમ તે રૂપ છે મૃગ લાંછન જેને એવો... અક્રિયાદિરૂપ રાહુના મુખથી પરાભવ ન કરી શકાય એવો... મિથ્યાત્વ રહિત એવો સમ્યક્ત્વ જ્ઞાન રૂપે કરી શુદ્ધ છે, કાંતિથી દેદિપ્યમાન એવો શ્રી સંઘ રુપ ચંદ્રમા નિત્ય જયવંતા વર્તો.

શાસ્ત્રો કહે છે 'તપ અને સંયમ રૂપ મૃગલંછન શ્રી સંઘરૂપી ચંદ્રમાં છે.

શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે - શ્રી સંઘમાં બાર પ્રકારનું તપ અને સત્તર પ્રકારનું સંયમ અવશ્ય હોવું જ જોઈએ. હા ! આપણા જીવનમાં તપ અને સંયમ હોય તો જ આપણો પ્રવેશ શ્રી સંઘમાં સંભવે અન્યથા નહિં. તપાસી જોઈએ આપણા જીવનને નીચે જણાવેલા તપ અને સંયમને આપણા જીવનમાં સ્થાન ખરું ?

તપના બાહ્ય તપ અને અભ્યંતર તપ એમ બે ભેદ

જણાવ્યા પછી દરેકના છ – છ ભેદ જણાવે છે.

**બાહ્ય તપ** – જે તપમાં શારીરિક ક્રિયાની મુખ્યતા છે... જે તપમાં બાહ્ય દ્રવ્યની અપેક્ષા છે... જે તપને બીજાઓ જાણી શકે. તે બાહ્ય તપ છે.

બાહ્ય તપ સાધન છે અભ્યંતર તપ સાધ્ય છે...

બાહ્ય તપથી જે કર્મ નિર્જરા થાય છે તેનાથી અનેક ગણી કર્મ નિર્જરા અભ્યંતર તપથી થાય છે.

બાહ્ય તપની દિવાસળીથી અભ્યંતર તપનો દીવો પ્રગટાવવાનો છે. અભ્યંતર તપની દિવ્ય જ્યોત પ્રગટે એટલે વાસના અને આસક્તિનો કચરો બળીને રાખ થાય છે... મોક્ષમાં પ્રવેશ સુલભ બને છે.

છ બાહ્ય અને છ અભ્યંતર તપના તેજથી શ્રી સંઘ સદા દિપતો હોય છે. આપણે શ્રી સંઘમાં પ્રવેશ કરવા આ તપનું આલંબન લઈને વિકાસ સાધવાનો છે.

ચંદ્રરૂપી શ્રી સંઘમાં જેમ બાર પ્રકારનો તપ હોય તેમ સત્તર પ્રકારનો સંયમ પણ મૃગલંછનની જેમ શોભતો હોય છે. મૃગ વિના ચંદ્ર ન હોય તેમજ તપ અને સંયમ વિના સંઘ પણ ન હોય. તપને જાણ્યા પછી આવો આપણે હવે સંયમના સત્તર ભેદને સમજવા પ્રયત્ન કરીએ.

**સત્તર પ્રકારનો સંયમ -**

જ્યાં સંઘ છે ત્યાં સંયમ હોય જ... જ્યાં સંયમ છે ત્યાં જ આપણો સંઘમાં પ્રવેશ સંભવે છે. આપણામાં સંયમ છે કે કેમ એ જાણવા આપણે સંયમના પ્રકારને જાણવા - સમજવા અતિ આવશ્યક છે.

**पंचासवा विरमणं, पंचिंदिय निग्गहो, कषाय जउ,**
**दंडतयस्स विरइ, सत्तरसहा संयमो होइ ।।**

પાંચ આશ્રવથી વિરમણ એટલે પાંચ વ્રતો - મહાવ્રતોનું પાલન, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણ દંડથી વિરતિ આ પ્રમાણે સત્તર પ્રકારનો સંયમ જાણવો. જો આ દિશામાં આપણે આગળ વધ્યા છીએ... વિકાસ સાધ્યો છે તો આપણો નંબર શ્રી સંઘમાં લાગી શકે છે અન્યથા આપણે શ્રી સંઘમાં પ્રવેશ મેળવવાની યોગ્યતા ગુમાવી બેસીએ છીએ.

આપણે ક્યાં છીએ ? એ આપણે વિચારવાનું છે.

ચંદ્ર રાહુથી ગ્રસાય છે... ગ્રહણ થાય ત્યારે ચંદ્રના પ્રકાશને રાહુ આવરણ કરે છે. પરંતુ ચંદ્રરૂપી શ્રી સંઘનું તેજ એવું છે કે નાસ્તિક એવા દર્શનો કે વ્યક્તિઓ શ્રી સંઘનો

પરાભવ કરી શકતા નથી. શ્રી સંઘ સામે નાસ્તિકો તેજહિન બની જાય છે. શ્રી સંઘ સામે કોઇનું જોર કામ કરી શકતું નથી.

આવો ! આપણે આત્મનિરીક્ષણ કરીએ. આપણા ઉપર પ્રભાવ કોનો ? આપણે મિથ્યાત્વી અને નાસ્તિકોથી પ્રભાવિત છીએ કે આપણે શ્રી જિન શાસનના વફાદાર અને મજબૂત આરાધક છીએ. જો આપણે માર્ગ ભુલી-ભટકી ક્યાંક અટવાઇ ગયા છીએ તો આપણે માર્ગે ચઢવું પડશે. નાસ્તિકતાના ચુંગલમાંથી પોતાની જાતને મુક્ત કરી અમર આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરી આત્મ કલ્યાણ સાધવા આગળ આવવું પડશે તો જ આપણો નંબર શ્રી સંઘમાં લાગી શકશે.

ચંદ્રનો પ્રકાશ શીતલ, શુદ્ધ, ઉજ્વલ છે એવા સમ્યગ્ જ્ઞાન રુપી શુદ્ધ-સાત્વિક તેજને પામવા પુરૂષાર્થ આદરવો પડશે. જ્ઞાન એ જ આત્માનો મુખ્ય ગુણ છે. એના વિના જીવ આત્માના અસ્તિત્વનો... અમરત્વનો, એના સાચા કર્તા - ભોક્તા ગુણોનો પરિચય પામી શકતો નથી. મોક્ષ અને મોક્ષ માર્ગનો વિશ્વાસ કરી શકતો નથી. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ જ મિથ્યાત્વના અંધકારને દૂર કરી શકે છે. જ્યાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ છે ત્યાં ચંદ્ર જેવી શીતલતા છે. એટલે જ શ્રી સંઘની

સરખામણી ચંદ્ર સાથે કરવામાં આવી છે.

## શ્રી સંઘમાં પુનઃ પ્રવેશ

ગુણવંતી ગુજરાત એટલે જૈનોનું વહાલું વતન...

કોઇ ગામ એવું નહિં, જ્યાં જૈન ન હોય...

તે સમયે જૈનોની બોલબાલા પણ હતી...

પરંતુ તેમાંય એક આશ્ચર્ય હતું...

દેવપુર એક સુંદર શહેર હતું... અઢારે વર્ણના લોકોનો ત્યાં વસવાટ હતો પરંતુ ન હતા એકમાત્ર ''જૈનો''.

એક સમયે આ શહેર પણ જૈનોના ઠાઠમાઠ અને વૈભવ વિલાસનું ધામ હતું. પરંતુ કાળ જતાં આજે ત્યાં જૈન નામધારી કોઇ પણ નથી.

જૈનધર્મના ગુરુ ભગવંતોએ આ શહેરને વિસારી મૂક્યું. જૈન સાધુઓનું આવાગમન બંધ થયું. રહ્યા - સહ્યા જૈનો ધર્મ ભૂલ્યા. અન્ય દર્શનીઓના ચમત્કારમાં મોહ્યા. બધા મિથ્યાત્વમાં ફસાયા.

ચડતી-પડતી કુદરતનો નિયમ છે. જૈનોની જાહોજલાલીથી ગાજતું આ શહેરમાં આજે અન્ય દર્શનીઓનું જોર જામ્યું હતું.

એક દિવસ 'ક્ષમાશીલ' નામે વિદ્વાન જૈન મુનિ

પોતાના શિષ્ય સમુદાય સાથે પધાર્યા.ગામની બહાર ઉદ્યાનમાં તેઓ ઉતર્યા.

ગામમાંથી આવતાં જતાં માણસો પાસેથી ગામની પરિસ્થિતિ જાણી.

''આ શહેરના અન્ય માર્ગે વળેલા જૈનો શું ફરી જૈન ધર્મ ન સ્વીકારે ? આટલા દિવસ કોઇ દોરનાર ન મળ્યો, એટલે કદાચ પગથિયું ચૂક્યા હોય પરંતુ હવે તો એમને સાચે રસ્તે દોરવા એ આપણો ધર્મ છે. એ કામ આપણે પ્રથમ કરવું જોઇએ.''

ગુરુદેવ આવી વિચારણા કરી એનો પ્રારંભ કરતાં એમણે ઉદ્યાનમાંથી પોતાનું સ્થાન ફેરવ્યું અને તેઓ ગામના ચોતરે મહાદેવના મંદિરના ઓટલે આવી રહ્યા. વાયુવેગે ગામમાં વાત ફેલાઇ ગઇ મહાદેવના મંદિરના ઓટલે જૈન સાધુ ઉતર્યા છે.

લોકોના ટોળેટોળા આવવા લાગ્યા. કોઇ કૌતુકથી જોવા આવે છે... કોઇ મહાદેવના દર્શને આવે છે... કોઇ જૈન સાધુ કેવા હોય તે જાણવા આવે છે... કોઇ નવા મહેમાનને સાંભળવા આવે છે... કોઇ જ્ઞાન લેવા આવે છે.

સારી સંખ્યામાં ગામજનો ભેગા થતાં ગુરુદેવ ધર્મનું

સ્વરૂપ સમજાવે છે. સત્યમાર્ગ સમજીને તેને અનુસરવા જણાવે છે. જૈન ધર્મની વિશેષતા જણાવતાં કહે છે - ''જૈનો ક્યારેય કોઇ ધર્મની નિંદા કરતા નથી. તેઓ દયાળુ હોય છે અહિંસા અને સત્યના ઉપાસક હોય છે.''

થોડા સમય પહેલાં જ જેમણે જૈનત્વનો ત્યાગ કર્યો હતો એમના જ્ઞાન ઉપરની રાખ ઉડી ગઇ... સાચી સમજણ પ્રાપ્ત થઇ... એમણે ફરી જૈન ધર્મનો સ્વીકાર કર્યો... તેઓ પાકા શ્રાવક બન્યા. બીજા પણ સત્યપ્રેમી જીવ જાગૃત થયા એમણે ગુરુ ભગવંતને બધા ધર્મોનું સત્ય સ્વરૂપ સમજાવી એની સરખામણી કરવા જણાવ્યું.

સમયને પારખી ગુરુ ભગવંતે શાસનના અધિષ્ઠાયક દેવને જાગૃત કર્યા... પ્રગટ કર્યા... જનસમુદાયની ઇચ્છાને સંતોષવા જણાવ્યું.

અધિષ્ઠાયક દેવે વિદ્યાશક્તિના બળથી જુદા-જુદા ધર્મના દેવોના યથાર્થ સ્વરૂપો પ્રત્યક્ષ બતાવ્યા. તેમના વિશિષ્ટ ગુણોનું દર્શન પણ સાથે કરાવ્યું. છેલ્લે જિનેશ્વર દેવનું સાચું સ્વરૂપ રજુ કરી તેના ઉત્તમ - વિશિષ્ટ ગુણો પ્રત્યક્ષ બતાવ્યા. ક્યા ધર્મમાં કઇ ન્યૂનતા છે અને ક્યા ધર્મમાં કેવા પ્રકારે શ્રેષ્ઠતા - વિશિષ્ટતા છે તેનું આબેહુબ વર્ણન કર્યું. તેથી

શહેરના અન્ય મતાવલંબીઓને જૈન ધર્મનું સ્વરૂપ સમજાયું. એમણે મુનિરાજ પાસે જૈનધર્મનો સ્વીકાર કર્યો. દેવપુર નગર પુનઃ જૈન ધર્મની જાહોજલાલીનું ગૌરવ અનુભવવા લાગ્યું.

ચાલો ! આપણે ક્યાંક ભુલા પડ્યા હોઈએ તો પાછા વળીએ. મિથ્યાત્વના અંધકારમય - અધોગતિનાં માર્ગથી બહાર આવી સમ્યક્ત્વના પ્રકાશથી જીવનને અજવાળી શ્રી સંઘમાં ગૌરવવંતુ સ્થાન પામીએ. જિન શાસન અને શ્રી સંઘનો જયજયકાર કરીએ.



# સૂર્ય રૂપી શ્રી સંઘ

પ્રભુ મહાવીર સ્વામીએ શ્રી સંઘની સ્થાપના કરી...

પચીસમા તીર્થંકર જેવું મહાન સ્થાન એને આપ્યું...

આવા અમુલ્ય શ્રી સંઘમાં આપણો સમાવેશ થાય ખરો ?

સ્વ જીવન તરફ એક દૃષ્ટિ કરીએ... કેવા કેવા ગુણો ખીલી ઉઠ્યા છે આપણા જીવનબાગમાં ?

કુમારપાળ જેવી અહિંસા... રાજા હરિશ્ચંદ્ર જેવું સત્ય...

સુદર્શન શેઠ જેવો સદાચાર... જગડુશા જેવું દાન...

પુણીયા શ્રાવક જેવી સાધર્મિક ભક્તિ...

રાવણ જેવી તીર્થંકર ભક્તિ...

સમ્રાટ સંપ્રતિ જેવી જિન પ્રતિમા ભક્તિ. ચંપા શ્રાવિકા જેવું તપ..

અનુપમા દેવી જેવી સાધુ સેવા... સુલસા જેવી શ્રદ્ધા...

લલ્લિગ જેવી ગુરુ ભક્તિ... વસ્તુપાલ - તેજપાલ જેવી જ્ઞાન ભક્તિ...

પ્રભુ મહાવીરના શાસનમાં વ્યક્તિનું મહત્વ નથી ગુણોનું મહત્વ છે. જિનશાસન વ્યક્તિ પૂજામાં માનતું નથી એ

તો ગુણોનો પૂજારી છે. શ્રી સંઘ અનેક અદ્ભૂત ગુણોથી ભરપૂર છે. સત્તા, સંપત્તિ કે લાગવગ અહીં કામ આવતી નથી. સત્તાના સિંહાસન ઉપર બિરાજમાન શ્રેણિક મહારાજા પણ એક સમયે શ્રી સંઘથી બહાર હતા જ્યારે એક સમયે જેલમાં રહેલા શ્રેણિક મહારાજાનું પણ સંઘમાં મજબૂત સ્થાન હતું. ભાવિ તીર્થંકરનો આત્મા પણ સમ્યગ્ દર્શનથી રહિત છે તો તેનો નંબર શ્રી સંઘમાં કે શ્રાવકમાં લાગતો નથી તો આપણા જેવા પામરનું તો સ્થાન જ ક્યાં હોય ? ના... ના આવું વિચારીને નિરાશ થવાનું નથી પણ આ મળેલા માનવભવમાં સાચો પુરૂષાર્થ આદરી ત્યાગ - વૈરાગ્યના સહારે જિનવાણીને અંતરમાં ઉતારી ગુણોની પરંપરા... ગુણોની શ્રેણી ઉભી કરવાની છે અને પ્રભુના મહાન શ્રી સંઘમાં પ્રવેશ મેળવીને આત્મ ગૌરવ વધારવાનું છે.

પરમાત્માના ગૌરવવંતા શ્રી સંઘના સ્વરૂપને સમજાવતી નંદીસૂત્રમાં જણાવેલી નગર, રથ, ચક્ર, પદ્મ અને ચંદ્રની ઉપમાઓનો વિચાર કર્યા પછી હવે આપણે આગળ શ્રી સંઘને આપેલી સૂર્યની ઉપમાને શાસ્ત્રાધારે સમજવાનો પ્રયત્ન કરીશું.

સૂર્યમાં શું શું છે ? સૂર્યમાં તેજ છે... પ્રકાશ છે...

વસ્તુને જેમ છે તેમ સ્પષ્ટ કરવાની શક્તિ છે... ઉપશમ છે.

## સૂર્યની ઉપમા

**परतित्थियगहपहना सगस्स तवतेय दित्तलेसस्स ।**
**नाणुज्जोयस्स जए, भद्दं दमसंघसूरस्स ।।१०।।**

પરતીર્થિક... અન્ય મતિરૂપ... ગ્રહ તારાની પ્રભાને નાશ કરનારા... તપના તેજથી ઉજ્વળ પ્રકાશવાળા અને જ્ઞાનના ઉદ્યોતવાળા એવા દમ પ્રધાન સંઘરૂપી સૂર્યનું જગતમાં કલ્યાણ હો.

રાત્રીના સમયે... વહેલી સવારે ક્યારેય આકાશમાં નજર કરી છે ? અંધકાર ભરેલી રાત્રીએ અને વહેલી સવારે આકાશમાં ચમ-ચમ કરતાં અનેક ગ્રહ-નક્ષત્ર-તારાઓ ચમકતા દેખાય છે. આ બધાનો નજારો ક્યાં સુધી ? પૂર્વ દિશામાં સૂર્યનું આગમન નથી થયું ત્યાં સુધી ! સૂર્યનો ઉદય થાય એનાથી પહેલા આકાશમાંથી ગ્રહ-નક્ષત્ર-તારા બધા જ વિદાય લઇ લે છે.. ગાયબ થઇ જાય છે. બસ ! શ્રી સંઘનું તેજ પણ આવું જ છે. શ્રી સંઘના જ્ઞાન-પ્રવચનરૂપી તેજની સામે પરતિર્થી - મિથ્યાત્વીઓનું તેજ હણાઇ જાય છે... નાશ પામે છે. શ્રી સંઘ સદા આવા પ્રવચન તેજથી દેદિપ્યમાન હોય. મારે

જો શ્રી સંઘમાં પ્રવેશ જોઈતો હોય તો મારે આવા જ્ઞાનના સ્વામિ બનવું પડે... જ્ઞાન સાધના માટે સખત પુરૂષાર્થ અવશ્ય કરવો જરૂરી છે. ગાથાઓ કદાચ કોઇ કારણે યાદ રહી શકતી ન હોય પરંતુ પ્રભુ પ્રવચનનો સાર તો આપણા હૃદયમાં મજબૂત બેઠેલો જ હોવો જોઈએ. આપણી સમજણ મજબૂત હશે તો જ આપણે શ્રી સંઘમાં આપણું સ્થાન સ્થિર કરી શકીશું અન્ય પરતિર્થીઓના... પાંખડીઓના ચલાવ્યા ચલાયમાન થઈ જઈશું અને કોહિનુર હિરા જેવું જિનશાસન ગુમાવી બેસશું. **જ્ઞાન એ તો આત્માનો મુખ્ય ગુણ છે.** એમાં ક્યાંય બાંધછોડ ન હોઈ શકે. શ્રી સંઘનું જ્ઞાન તેજ બીજાને (પરતિર્થીને) પોતાની તરફ આકર્ષી શકે પરંતુ શ્રી સંઘ ક્યારેય અન્યદર્શનો તરફ આકર્ષાય નહિં.

આજે આપણી હાલત શું છે ?

અમે જિનશાસનના પાવન પર્વોને જાણીએ કે ના જાણીએ પરંતુ ગણેશોત્સવ... નવરાત્રી... હોળી જેવા પર્વો ઉજવવા આગળ વધીએ. આ આપણી અજ્ઞાનતા અને અધોગતિની ચાડી ખાય છે. સવેળાએ જાગીને શ્રી સંઘની મર્યાદામાંથી બહાર નિકળ્યા હોઈએ તો સત્વરે પાછા ફરી શ્રી સંઘની મર્યાદામાં સ્થિર બનીએ.

સૂર્ય તેજથી ઉજ્વળ છે.

શ્રી સંઘરૂપી સૂર્ય તપના તેજથી ઉજ્વળ છે. વસ્ત્રની બાહ્ય દેખાતી ઉજ્વળતા સાબુથી થતી એની સ્વચ્છતાના કારણે છે. એવી રીતે શ્રી સંઘની ઉજ્વળતા સંઘમાં ચાલતી વિવિધ તપ સાધનાને આભારી છે. જ્યારે જ્યારે પણ શ્રી સંઘ ઉપર ઉપસર્ગો આવ્યા છે... શ્રી સંઘના કાર્યોમાં વિઘ્નો આવ્યા છે શ્રી સંઘોએ તપની શરણાગતિ સ્વીકારી પોતાની ઉજ્વળ પરંપરાને ટકાવી રાખી છે.

આજે પંચમકાળમાં જિનશાસનની જે ઉજ્વળતા દેખાય છે તે તપને આભારી છે. ક્યાંક શ્રી સંઘમાં સમુહમાં વરસીતપ ચાલે છે... ક્યાંક સિદ્ધિતપ ચાલુ છે... ક્યાંક શ્રેણીતપ... ક્યાંક મૃત્યુંજય તપ... ક્યાંક અઠ્ઠમ... અઠ્ઠાઇ... આયંબીલાદિની તો ગણત્રી જ નથી. તપની ગંગામાં સ્નાન કરી સાધકો ઉજ્વળ બની રહ્યા છે શાસનને પાવન - પવિત્ર બનાવી રહ્યા છે. આવા આ શ્રી સંઘમાં મારે મારું સ્થાન મજબૂત કરવું હોય તો મારા જીવનમાં નિત્ય નવકારશી - ચોવિહાર તો હોવો જ જોઇએ. અભક્ષ્ય ત્યાગ હોવો જ જોઇએ.

આહાર સાત્વિક હશે તો જ વિચાર સાત્વિક બનશે.

જીવનને ઉર્ધ્વગામી બનાવશે. શ્રી સંઘની ચડતી થશે. એકની આરાધના અનેકો માટે આદર્શ બની તારક બનશે.

સૂર્ય પોતાના તેજથી બીજાના તેજને દબાવે છે. શ્રી સંઘનું તેજ સંસારી જીવોના જીવનમાં ચાલતા ઈન્દ્રિયોના તોફાનોને દબાવી ઈન્દ્રિયોને ઉન્માર્ગથી દૂર કરી સન્માર્ગમાં સ્થાપન કરે છે. મનને શાંત... ઉપશાંત બનાવે છે.

****

અરે ! આ શું જોઈ રહ્યો છું...

માનવ જેવા માનવને આવું દુઃખ ?... આટલું બધું દુઃખ ?

આ માણસને પકડીને તેનું શિર તરવારથી કાપી રહ્યા છે.

અહીં તો ઉકળતા ધાતુઓનો રસ માણસને પકડીને પરાણે પીવડાવે છે...

અરે ! જુઓ... જુઓ. પેલા માણસને કરવત વડે ઉભો ને ઉભો વેરે છે.

આ પેલી બિચારી રૂદન કરતી સ્ત્રીને ધગધગતા લોહ સ્તંભને બાથ ભીડવાનું ફરમાન કરી રહ્યા છે.

પરસેવાથી રેબઝેબ એવા આ બંને જણા બિચારા લોહ હળ ખેંચી રહ્યા છે.

આ બાજુ તો ઘાણીમાં માનવનું મસ્તક પિલાઇ રહ્યું છે..

ઓહ ! લોહ મુદ્‌ગરના પ્રહારો વડે બિચારાની ખોપરી ફાટી ગઇ...

અરે રે ! આ બિચારાની આંખમાં અણીદાર ગરમ ગરમ સળીયા પેલાએ ખોસી દીધા...

અહો ક્યાં કોઇ સુખી નથી... હું અહીં ક્યાંથી ?

અધધધ.... ! આ દુઃખ તો જોયું જતું નથી.

આ કઇ દુનિયામાં હું આવી પડ્યો ?... નાસવા દે... ભાગવા દે...

કુમાર ! ક્યાં જાય છે ?

હે મૃત્યુલોકના માનવી ! તારા કરણીના ફળ ભોગવવા માટે તને અહીં મોકલ્યો છે.

મૃત્યુલોકમાં રહીને અનેક પાપકર્મો કરવા પાછળ તે સામું પણ જોયું નથી... વિચાર્યું નથી... ભવિષ્યકાળનો ભવાંતરનો વિચાર સરખો પણ કર્યો નથી.

આ નારકી લોક ! તારા પાપ કર્મોનો પુરેપુરો બદલો અહીં મળશે.

તું રાજકુમાર હતો... મદમાં અંધ હતો... ધર્મ શબ્દ

તને કડવો ઝેર લાગતો હતો... તારા જીવનમાં તે એક પણ સત્કાર્ય કર્યું નથી. નીચ-પાપી અને વ્યસની નાસ્તિક તારા પાપકર્મનું ફળ હમણાં જ તને પ્રાપ્ત થશે.

આ બધા તારા જ ગોઠિયા (મિત્ર) હતા.

આજે અમારા - પરમાધામિના હાથમાં સ્વહસ્તે આવી પડ્યા છો.

હવે જવા દેવાની વાત નહીં.

હેં....હેં... શું કહો છો ? હું પાપી...ના...

અરે ! હજી પણ જુઠું બોલતા શરમાતો નથી... લે લેતો જા...

ઓ બાપ રે ! બા...પલિ...યારે બ...ચા...વો...! બ...ચા...વો !

ભયંકર ચિત્કાર સાથે કારમી ચીસ પાડી ઉઠ્યો. ત્યાં તેની આંખ ખુલી ગઇ.

હમણાં હું ક્યાં હતો ?

આ ઉદ્યાન !... સામે તેજસ્વી મુનિરાજ !

હમણાં મેં આ બધું શું જોયું ? શું આ બધું સત્ય છે ?

નિદ્રામાંથી હમણાં જ સ્વસ્થ થયેલો કુમાર કોલીપ્રિય બેબકડો બની ગયો.

આ કુમાર ધર્મપ્રેમી સુન્દરપુર નગરના રાજવી હિંમતસિંહનો પુત્ર હતો.

કેલીપ્રિય કુમાર યુવરાજ પૂરો નાસ્તિક, ઉન્માર્ગી, સ્વચ્છંદી, વ્યસની, સત્યાસત્ય, પાપ-પુણ્ય, ધર્માધર્મ, સ્વર્ગ નરક બધું જ ધતિંગ માનનારો હતો.

આ જગત મોજશોખ ભોગવવા માટે જ છે. દેહદમન કરનાર મુર્ખ છે. પંચભૂતની માટિમાંથી ઉત્પન્ન થયેલા આ માનવ દેહ ઘસાઇ ઘસાઇ છેવટે માટિમાં જ મળી જશે. કર્મના ફળ ભોગવવા જ પડે છે એ સદંતર જૂઠાણું છે. પૂર્વભવ પણ નથી અને પુનર્ભવ પણ નથી. આ હતી એની નાસ્તિકતા.

પિતાજી સમજાવી થાક્યા... જીવ ન સમજ્યો...

અંતે એકદા ગામમાં ગુરુ ભગવંત પધાર્યા... રાજાએ ગુરુ ભગવંત પાસે પુત્રની કુટેવો અને લક્ષણોનું વર્ણન કર્યું... ગુરુએ સમય પ્રમાણે યોગ્ય કરવાનું આશ્વાસન આપ્યું. દૈવી શક્તિ પાસે વાત કરી... દેવીએ એકાદ દિવસમાં નાસ્તિકને આસ્તિક કરવાનું સ્વીકાર્યું.

બીજા જ દિવસે મધ્યાહ્ન સમયે રાજકુમાર પોતાના સાથીઓ સાથે શિકાર કરવા નિકળ્યો... માર્ગ ભૂલ્યો... રખડતો - રઝળતો જે ઉદ્યાનમાં મુનિ ભગવંત બિરાજમાન

હતા ત્યાં પહોંચી ગયો. મુનિરાજને જોતાં જ નાસ્તિકતા ઉછળવા લાગી... 'ઓ મૂઢમતિ ! મને તારી દયા આવે છે. આ અમુલ્ય માનવભવને તમે પોતાના હાથે દુઃખમાં ધકેલી રહ્યા છો. એમ કરવાથી ક્યું સુખ મળશે? સ્વર્ગ-નરક, પાપ-પુણ્ય એ તમારી ખોટી ભ્રમણાઓ છે... બધું ધતિંગ છે... આ જગતના વિવિધ સુખો ભોગવો... ખાઓ - પીઓ - મજા કરો... દુનિયાના જીવોને ખોટા માર્ગે ન ચઢાવો... ઢોંગ - ધતિંગ છોડો...

મુનિ ભગવંતની નજીકમાં રહેલી દેવીએ આ વાતો સાંભળી. દૈવી શક્તિએ કુમારને નિદ્રાધીન કરી દિધા... નિદ્રામાં નરકનું જેવું છે તેવું સ્વરૂપ બતાવ્યું. ભાનભુલેલો કુમાર જ્યારે જાગૃત થયો ત્યારે નરકના દુઃખોને યાદ કરતો ધ્રુજવા લગ્યો. આવા દુઃખોથી બચવા મુનિરાજના ચરણોમાં નમી પડ્યો.

ગુરુ ભગવંતે મીઠી મધુર વાત્સલ્ય નિતરતી વાણીમાં કહ્યું - ''કુમાર ! પાપ-પુણ્યની વાતો સમજાણી ? જગતમાં રહી મોજ-શોખ ભોગવવા... સ્વર્ગ-નરકને ભ્રમણાઓ માનવી... અંધ બનીને પાપ પ્રવૃત્તિમાં દોટ લગાડવી... આ બધાના સાક્ષાત ફળ જોયા પછી હવે કાંઇ સમજણ આવી ?''

ગુરૂદેવની સામે હાથ જોડી કુમાર પ્રાર્થના કરે છે - ''ભગવંત ! મારી બગડેલી બાજી સુધારો. આજ દિવસ સુધી હું અજ્ઞાનના અંધકારમાં અટવાયેલો હતો. મેં અવળા ચશ્મા પહેર્યા હતા. આજે મારી આંખ ખુલી ગઇ છે. મને સત્ય સમજાયું છે... ગુરુદેવ ! મારી ભૂલને મને ક્ષમા આપો.'' કુમારની આંખોમાંથી પશ્ચાતાપની અશ્રુધારા વહેવા લાગી.

સમયને ઓળખી ગુરુદેવે હિતકારી બોધ આપ્યો... કુમારના અંતરમાં ગુરુવાણી આરપાર ઉતરી ગઇ. એની નાસ્તિકતા દૂર સુદૂર નાસી ગઇ. આસ્તિકતાનો સૂર્યોદય થયો. નૂતન-ધાર્મિક જીવનનો સંકલ્પ કરી ઘેર ગયો. પિતાના ચરણોમાં નમસ્કાર કરી પોતાના દુષ્કર્મો અને દુર્વ્યવહાર માટે ક્ષમા માંગી.

જિનશાસનને એક પરમ શ્રદ્ધાળુ શ્રાવકરત્ન એવં ભાવિ રાજાની ભેટ મળી.

આ છે જિનશાસનનું પરમ તેજ ! જેનાથી આ શાસન એકવીસ એકવીસ હજાર વરસ સુધી અખંડ - અડોલપણે પ્રકાશ ફેલાવતું રહેશે. નાસ્તિકોને આસ્તિકતાનો માર્ગ ચિંધતું રહેશે.

આવો સૂર્યરૂપી શ્રી સંઘ સદા જયવંતુ વર્તો... સર્વ જીવોનું કલ્યાણ કરતું રહે.

# સમુદ્ર રૂપી શ્રીસંઘ

શ્રી સંઘ,

વિશ્વની એક અમુલ્ય જાગીર છે...

વીર પ્રભુની અપેક્ષાએ ૨૬૦૦ વરસ પૂર્વે સ્થપાયેલી એક મહાન પેઢી છે...

તરણતારણ વીર પ્રભુએ સ્વહસ્તે વિશ્વકલ્યાણ માટે સ્થાપેલી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપથી દિપતી મહાન સંઘટના છે...

આપણા મહાન પુણ્યોદયે જન્મથી આપણે આ શ્રી સંઘના સદસ્ય બની ગયા... પોતાની જાતને શ્રી સંઘ માની બેઠા પરંતુ ખરેખર આપણામાં સંઘના સદસ્ય કહેડાવવાની લાયકાત ખરી ? શ્રી સંઘમાં આપણો પ્રવેશ ત્યારે જ સંભવે જ્યારે આપણામાં સંઘ યોગ્ય ગુણો હોય.

એકદા ગૌતમસ્વામિ ને જણાવતાં પ્રભુ મહાવીર સ્વામિએ કહ્યું -

सुहसीलाओ सच्छंद - चारिणो वैरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहु - जणाओ मा भणह संघुत्ति ।।

સંબોહ સત્તરિ - ગાથા ૨૮

હે ગૌતમ ! સુખ શીલિયા અર્થાત્ પૌદ્ગલિક સુખના અર્થી સ્વેચ્છા મુજબ વર્તવાવાળા (સદાચાર વિમુખ) મોક્ષમાર્ગની વૈરી (ધર્મદ્રોહી) અને તેથી જિનાજ્ઞાભ્રષ્ટ (જિનવચનના લોપક) એવા ઘણા લોકોના સમૂહ હોય તો પણ તેને 'શ્રી સંઘ' ન કહેવો.

**જિનાજ્ઞાએ 'શ્રી સંઘ'ના પ્રાણ છે.**

જ્યાં જિનાજ્ઞાનું પાલન અને સ્વીકાર છે ત્યાં જ શ્રી સંઘ કે શ્રી સંઘનું અસ્તિત્વ સંભવી શકે છે. જ્યાં જિનાજ્ઞાનું પાલન અને સ્વીકાર નથી ત્યાં શ્રી સંઘનું અસ્તિત્વ સંભવિ જ ન શકે. **શ્રી સંઘમાં પ્રવેશ કરવા આત્માના રાગી અને પૌદ્ગલિક સુખોના વૈરાગી બનવું અતિ આવશ્યક છે.** જિનાજ્ઞાનું મહત્વ સમજાવતાં પૂજ્યપાદ જયશેખરસૂરિ મહારાજા કહે છે -

एगो साहु एगोय साहुणो, सावओ वि सड्ढी वा ।
आणा जुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ।।२१।।

જે જિનાજ્ઞાયુક્ત હોય, તેવા એક સાધુ. એક સાધ્વી, એક શ્રાવક, અને એક જ શ્રાવિકા હોય તો પણ તેને સંઘ કહેવાય. બાકી સમૂહ ઘણો હોય તો પણ તે હાડકાંનો સમૂહ જાણવો.

આવા શ્રી સંઘના શાસ્ત્રોમાં ઘણા ઘણા ગુણ ગાન કરવામાં આવ્યા છે. 'શ્રી સંઘ'ની ચરણરજને પણ મહા પવિત્ર માનવામાં આવી છે. આ શ્રી સંઘને વિવિધ ઉપમાઓ આપવામાં આવી છે. આ ઉપમાઓ દ્વારા શ્રી સંઘના વિવિધ ગુણોનો પરિચય કરાવવામાં આવે છે. નંદીસૂત્રમાં આવેલી ઉપમાઓમાં આગળ વધતાં હવે આપણે શ્રી સંઘને આપવામાં આવેલી સમુદ્રની ઉપમાને વિશેષથી સમજવાનો પ્રયત્ન કરીશું.

## સમુદ્ર

**भदं धिइवेलापरि - गयस्स सज्झाय जोगमगरस्स ।**
**अखोहस्स भगवओ, संघ समुदस्स रुंदस्स ।। ११ ।।**

ધૈર્ય મૂળ ઉત્તર ગુણરૂપ વેલાથી વ્યાપ્ત થયેલા સ્વાધ્યાય યોગરૂપી મગરવાળા અને કોઈથી ક્ષોભ કરી શકાય નહિં. તેવા ભગવાન ઐશ્વર્ય સંપન્નથી વિસ્તીર્ણ એવા સંઘરૂપ

સમુદ્રનું કલ્યાણ હો.

જેમ સમુદ્ર અનેકાનેક ગુણોનો ભંડાર છે તેવી રીતે શ્રી સંઘ પણ ઘણા ઘણા ગુણોનો ભંડાર છે. અહિં સમુદ્રના મુખ્ય ચાર ગુણો દ્વારા એ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે.

સમુદ્રની પાસે એવું તે શું છે જેથી સંઘને એની ઉપમા આપવામાં આવી છે. સમુદ્રની ચાર મુખ્ય મહાનતાઓ જણાવે છે –

* સમુદ્રનો કિનારો તટ મજબૂત હોય...

* સમુદ્રના પાણીમાં મોટા મોટા મગરમચ્છ હોય છે...

* સમુદ્ર સ્થિર–ગંભીર હોય છે...

* સમુદ્ર રત્નાકર છે... રત્નોનો ભંડાર છે...

સમુદ્રનો તટ – કિનારો જેમ મજબૂત હોય તેવી જ રીતે સંઘમાં પણ મૂળ અને ઉત્તર ગુણોરૂપ મજબૂત મર્યાદાનો કિનારો હોય છે. મૂલ–ઉત્તર ગુણોના પાલનમાં શ્રી સંઘ સદસ્ય ક્યારે પણ અધીરો બનતો નથી કસોટિનો પ્રસંગ આવે ત્યારે પોતાની ધીરજ ટકાવી રાખે છે. વ્રતોની મર્યાદાનો પ્રાણની બાજી લગાડીને પણ ભંગ થવા દેતો નથી.

અહિંસા... સત્યાદિના પાલનમાં અત્યંત ચોક્કસ રહીને અનેકો માટે આદર્શરૂપ બને છે.

ઉદયપુર નરેશ... ક્ષત્રિય... માંસાહારી...

એમણે એક સિંહ પાળ્યો હતો જે એમને અત્યંત પ્રિય હતો...

એકદા અત્યંત અગત્યના કાર્ય માટે પંદર દિવસ રાજાને બહાર જવું પડે એવી પરિસ્થિતિનું સર્જન થયું. સિંહને પંદર દિવસ છોડી જવું ગમતું ન હતું પરંતુ અન્ય ઉપાય ન હતો. એમણે મંત્રીશ્વરને બોલાવી સિંહની બરાબર સંભાળ રાખવાનું જણાવ્યું. રાજાએ મંત્રીશ્વરને કહ્યું - ''તમારા પુત્રની જેમ એનું લાલન - પાલન કરજો. એને જરા પણ તકલીફ ન થાય એનું ધ્યાન રાખજો. એનો પાલક એની બધી જરૂરીયાતો જાણે છે. તમે એની ઉપર સંપૂર્ણ દેખરેખ રાખશો.''

મંત્રીશ્વરે મહારાજાની આજ્ઞા શિરસાવંદ્ય કરી સિંહને વહાલ કરી રાજા વિદાય થયા.

મંત્રીશ્વર ચુસ્ત જૈન ધર્મી હતા... પરમાત્માના ભક્ત હતા... ગરીબોના બેલી હતા... સાધર્મિકોના વત્સલ પિતા

જેવા હતા... પરસ્ત્રી સહોદર હતા... પ્રાણીમાત્રના એ મિત્ર હતા. એમની સામે આજે કસોટિનો સમય આવ્યો.

સંધ્યા સમય થયો મંત્રીશ્વરે સિંહના પાલકને બોલાવી એની સાથે વાતો કરી. મંત્રીશ્વરને ખ્યાલ આવી ગયો કે સિંહનો ખોરાક માત્ર માંસ છે. માંસ એને આપવું જ પડે. મંત્રી ધર્મસંકટમાં પડ્યા. માંસ ખાવું જેમ પાપ છે તેમ માંસ ખવડાવવું પણ પાપ છે.

બીજા દિવસે માંસ ભરેલો થાળ મૂકવાને બદલે મંત્રીએ કઢાયા દૂધનું તપેલું અને બે મણ પુરીનો થાળ પાંજરામાં મૂકાવ્યો.

સિંહ ભોજન કરવા દોડ્યો પણ દૂધ-પુરી જોઇ જોરથી ચિચિયારીઓ પાડી પાછો વળ્યો. સિંહ આખો દિવસ ભૂખ્યો રહ્યો. એક દિવસ... બે દિવસ.. ત્રણ દિવસ... સિંહે ત્રણે દિવસ ઉપવાસ કર્યા.

મંત્રીશ્વરના મનમાં ભયંકર ધમસાણ ચાલ્યું. શું કરવું ? માર્ગ સુઝતો ન હતો. શું કરું ? અપવાદ માર્ગ સ્વીકારું ? ના... ના... સત્વશીલ વ્યક્તિ માટે આપદ માર્ગ નથી. ઝટપટ નિર્ણય કર્યો. ચોથા દિવસે સવારના મંત્રીશ્વર સ્વયં સિંહના

પાંજરા પાસે આવ્યા. સ્વયં દ્વાર ખોલી સિંહની સામે ગયા. સિંહ મંત્રી સામે જોતો રહ્યો. મંત્રીશ્વરે સિંહને કહ્યું - ''માંસ વિના જો તારે ચાલે તેમ જ ન હોય તો અણસણનો ત્યાગ કર અને મને જ ખાઇ લે. આ સિવાય બીજો કોઇ વિકલ્પ મારી પાસે નથી.''

આવું કહીને મંત્રીશ્વરે અરિહંતનું શરણ સ્વીકાર્યું.

સ્તબ્ધ બનેલા સિંહે દુધપાકમાં મોઢું નાખી દીધું.

અહિંસાના પાલન માટેનું અદ્ભૂત સત્વ અને ધીરજ શ્રી સંઘના સદસ્ય પાસે હોય છે. આપણે આવી ધીરતાના સ્વામિ ખરાને?

આપણા જીવનના મૂલ-ઉત્તર ગુણોના પાલનમાં સમય આવે પ્રાણોની બાજી લગાડવા આપણી તૈયારી ખરીને ?

* સાગરમાં જેમ મોટા મોટા મગરમચ્છ હોય છે તેવી જ રીતે શ્રી સંઘમાં નાના-મોટા બધા સદસ્યો વિવિધ સ્વાધ્યાયમાં લીન હોય છે. મગરમચ્છ મોટા મોટા પ્રાણીઓને પણ ગળી જાય છે... ચિરિ નાંખે છે. તેવી જ રીતે શ્રી સંઘમાં ચાલતા સ્વાધ્યાયમાં કર્મ વિદારણની મહાન શક્તિ છુપાયેલી છે.

સ્વાધ્યાય અભ્યંતર તપ છે.

तपसा निर्जराश्च ।

તપ એ કર્મ નિર્જરા માટેનું અમોઘ શસ્ત્ર છે. કર્મ ક્ષયથી જ મોક્ષ થાય છે.

कृत्सनकर्मक्षयो मोक्षः ।

કર્મનો સંપૂર્ણતઃ સર્વથા નાશ થવો તેને જ મોક્ષ કહ્યા છે.

એટલે જીવને અનંત સુખની પ્રાપ્તિ માટે મોક્ષમાં જવું અનિવાર્ય છે...

મોક્ષમાં જવા કર્મક્ષય અત્યંત આવશ્યક છે...

કર્મક્ષય તપ વિના સંભવિત નથી. તપરૂપી મહેલનો સૌથી ઉંચો મજલો છે સ્વાધ્યાય-તપ. ઉપવાસાદિ અન્ય તપ ઓછા થાય તો ચાલે પરંતુ સ્વાધ્યાય તપ તો રોજરોજ થવું જ જોઈએ. સ્વાધ્યાય એ તો સ્વયં ને અધ્યયન કરાવવાની અતિ દુષ્કર સાધના છે. બીજાને ભણાવવું... હિતશિક્ષા આપવી ઘણી જ સહેલી છે પરંતુ પોતાની જાતને વિભાવ દશામાંથી પાછા વાળી સ્વભાવ દશામાં સ્થિર કરવાની સાધના ઘણી કઠીન સાધના છે જે સ્વાધ્યાયથી સિદ્ધ થાય છે. સ્વાધ્યાયમાં

નિમગ્ન બનેલો જીવ ભૌતિકતાની ભૂતાવળથી વિમુખ થાય છે. આત્મસન્મુખ બને છે. વિષય-કષાયમાંથી બહાર આવી જીવ સમતામાં ઝીલતો થાય છે. સ્વાધ્યાયમાં લીન બનેલો તે સાધક અમત્તદશા પામી વિપુલ કર્મ નિર્જરા કરે છે. એટલે જ અહીં શ્રીસંઘ રૂપી સમુદ્રમાં સ્વાધ્યાયને મગરમચ્છની ઉપમા આપી છે. મગરમચ્છ જીવોને વિદારે છે તેમ સ્વાધ્યાય કર્મોને વિદારે છે. આવો સ્વાધ્યાય શ્રી સંઘમાં સતત ગુંજતો જ હોય છે.

સમુદ્રમાં તોફાનો આવે... વાવાઝોડા આવે... સુનામી આવે... ભરતી આવે... ઓટ આવે... પરંતુ સમુદ્ર ક્યારેય ક્ષોભ પામતો નથી. એને ક્યાંય આંચ આવતી નથી. જલચર પ્રાણીઓને તોફાનાદિ આવવાનું હોય એનાથી પહેલા એની જાણ થઇ જાય છે ત્યારે જલચર પ્રાણીઓ સમુદ્રના ઉંડાણમાં ચાલ્યા જાય છે કારણ એ જાણે છે કે તોફાનો સમુદ્રના ઉપરની સપાટિએ જ હોય છે. અંદરમાં એની કોઇ અસર હોતી નથી.

એવી જ રીતે સંઘ ઉપર પણ તોફાનો ઉપદ્રવો આવે છે. પરંતુ એથી ક્યારેય શ્રી સંઘ ક્ષોભ પામતો નથી. 'શ્રી સંઘ' બેચેન થતો નથી... રાગ-દ્વેષની પરિણતિમાં પડતો નથી. એ તો શાંતિથી જ્ઞાતા-દૃષ્ટાભાવથી જોયા કરે છે. સમય થતાં

સ્વયંમેવ તોફાન શાંત થઈ જાય છે. આપણે 'શ્રી સંઘ'ના સાચા સદસ્ય ત્યારે જ બની શકીએ જ્યારે આપણામાં આ ગુણ ખીલી ઉઠે. આપણે ધીર-વીર-ગંભીર બનવાનું છે.

સમુદ્ર રત્નાકર છે એના ઉંડાણમાં - પેટાળમાં રત્નોનો ભંડાર છે. જે સાગરના તળિયે-ઉંડાણમાં મરજીવા બનીને ડૂબકી લગાડે છે તે રત્નોને પામે છે. પરમાત્માનો શ્રી સંઘ ગુણરૂપી રત્નોનો ભંડાર છે એમાં અનેકાનેક ગુણો ભરેલા છે. દાન, દયા, શીલ-સદાચાર, સમતા, મૈત્રી, વિનય, વિવેક, સૌમ્યતા, સરળતા, કરૂણતા, ક્ષમા, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યાદિ અનંત ગુણોથી ભરપુર શ્રી સંઘ છે. તેમજ શ્રી સંઘના સદસ્ય પણ આવા જ ગુણોથી ભરેલા હોય છે... શોભાયમાન હોય છે.

આવો સમુદ્રની ઉપમા વાળો 'શ્રી સંઘ' સદા સહુનું કલ્યાણ કરે છે. આવો શ્રી સંઘ સદા જયવંતો વર્તે.



# મેરુ રૂપી શ્રીસંઘ

અનાદિ કાળથી આપણે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છીએ...

આ અનાદિ ભવભ્રમણમાં આપણને પ્રભુ... પ્રભુની વાણી... પ્રભુની આજ્ઞા આપણને નહિં જ મળી હોય ?

મળી હશે તો આપણે એને સત્કારી... સ્વીકારી નથી...

જિનાજ્ઞાના સત્કાર અને સ્વીકાર વિના આપણો ઉદ્ધાર નથી...

આપણા ભવનો અંત નથી...

લુણ વિનાનું ભોજન તૃપ્તિ પમાડતું નથી...

ખાંડ વિનાની મિઠાઇ પુષ્ટિ કારક બનતી નથી...

તેવી જ રીતે જિનાજ્ઞા વિનાની આરાધના સફળતા આપી શકતી નથી...

જમાલિ સંસારી પક્ષે પ્રભુ મહાવીરના જમાઇ હતા...

દીક્ષા લઇને પરમાત્માના શિષ્ય બન્યા... સુંદર તપ... જપ સહિત સંયમ પાલન કરતા હતા... પરંતુ એક

કાળી પળે પરમાત્માના એક વચન ઉપર અશ્રદ્ધા થઈ... જિનાજ્ઞા ન સમજી શક્યા... પ્રભુએ સમજાવ્યાં છતાં જિનાજ્ઞાનો સ્વીકાર ન કર્યો. સ્વચ્છંદતાના કારણે પ્રભુથી જુદા થઈ પોતાનો અલગ પંથ ચલાવ્યો...

હાથવેંત આવેલા મોક્ષને જોરદાર ધક્કો લગાડી મોક્ષને દૂર કરી નાંખ્યો.

અનાદિ કાળથી આ જિનાજ્ઞાને ન જાણવા... ન સમજવા... ન સ્વીકારવાના કારણે આપણે જિનાજ્ઞાને જીવનમાં સ્થાન ન આપી શક્યા.

જે જીવ ધર્મને માનતો કે સ્વીકારતો નથી... જિનાજ્ઞા કે આગમનું જીવનમાં પાલન કરતો નથી. સ્વમતિ કલ્પનાએ... સ્વછંદી બનીને સદાચાર વિમુખ બને... દુરાચારાદિનું સેવન કરે તો તે શ્રી સંઘમાં કેવી રીતે સમાવેશ પામી શકે ? અર્થાત્ ન જ પામી શકે.

આપણા પુણ્યોદયે આપણે જન્મથી આ અતિ મહાન - પવિત્ર એવા શ્રી સંઘના સદસ્ય બન્યા પરંતુ ભાવથી - કર્મથી - ગુણોથી આપણે શ્રી સંઘના સદસ્ય બનવા સાચો પુરૂષાર્થ આદરવાનો છે. એ માટે આપણે શ્રી સંઘના સ્વરૂપને જાણવાનો - સમજવાનો પ્રયત્ન શ્રી નંદીસૂત્રની શ્રી સંઘ માટેની વિવિધ ઉપમાઓ દ્વારા કરી રહ્યા છીએ.

શ્રી સંઘને આપેલી નગર, રથ, ચક્ર, કમળ, સૂર્ય, ચંદ્ર અને સમુદ્રની ઉપમાના રહસ્યને જાણ્યા પછી હવે આગળની મેરૂ પર્વતની શ્રી સંઘને આપેલી ઉપમાને વિસ્તારથી સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

મેરુપર્વત સ્થિર છે... શાશ્વત છે.. લોકના મધ્યમાં અત્યંત શોભાયમાન છે એવી જ રીતે શ્રી સંઘ સ્થિર છે... શાશ્વત છે (મહાવિદેહની અપેક્ષાએ) સાધનાના કેન્દ્ર બિન્દુ સમાન છે... શ્રી સંઘથી જ જિનશાસન શોભાયમાન છે.

આવો ! જાણીએ શ્રી નંદીસૂત્ર શ્રી સંઘને મેરુ પર્વત સાથે કેવી રીતે સરખાવે છે ?

## શ્રી સંઘને મેરુની ઉપમા

**सम्मदंसण वरवइर - दढरुढ गाढा वगाढ पीढस्स ।**
**धम्मवर रयण मंडिअ चामीयर मेहलागस्स ।।१२।।**
**नियमूसिय कणय सिला-यलु ज्जलजलंत चित्तकूडस्स ।**
**नंदणवण मणहरसु - रभिसीलगंधुद्धुमायस्स ।।१३।।**
**जीवदया सुंदर कंदरु - दरिय मुणिवर मइंदइन्नस्स ।**
**हेऊ सय धाऊ पगलंत - रयण दित्तोसहि गुहस्स ।।१४।।**
**संवरवर जल पगलिय - उज्झर पविरायमाण हारस्स ।**
**सावगजण पउररवं त मोरनच्चंत कुहरस्स ।।१५।।**

**શ્રી સંઘરૂપી મેરુ પર્વત છે** -

❖ આ મેરુ પર્વતની સમ્યગ્ દર્શન રૂપી શ્રેષ્ઠ મજબૂત વજ્ર જેવી પ્રથમ ભુમિકા છે.

❖ આ મેરુ પર્વતને વિષે ધર્મરૂપી રત્નથી સુશોભિત એવી સુવર્ણની મેખલા છે. ૧૨

❖ આ મેરુને નિયમરૂપી ઉંચા કનકના શીલાના તળીયાથી ઉજ્જવલ અને જાજ્વલ્યમાન એવા ચિત્રવિચિત્ર શિખરો છે.

❖ શીલરૂપી સુગંધથી પરિપૂર્ણ મનોહર સંતોષરૂપી નંદનવનથી શોભાયમાન છે. ૧૩

❖ આ મેરુ પર્વત જીવદયારૂપ સુંદર ગુફાથી અધિક ગર્વવાળા મુનિવરરૂપી મૃગેન્દ્રવાળો છે.

❖ એની ગુફાઓમાં સેંકડો હેતુરૂપ ધાતુઓથી ગળતાં એવા રત્નોથી પ્રદીપ્ત એવી ઔષધિઓ છે. ૧૪

❖ આ મેરુ પર્વત ઉપર સંવરરૂપી શ્રેષ્ઠ જલમાંથી ગળતો એવો પ્રવાહ સુશોભિત એવા મોતીના હાર જેવો છે.

❖ આ મેરુપર્વતની જિનમંડપરૂપ ગુફાઓ મોટા અવાજથી થોય, સ્તવન, સજ્ઝાય બોલનારા - સ્વાધ્યાય કરનારા શ્રાવકરૂપી મોર પક્ષીઓથી નૃત્ય કરતી દેખાય છે.

કેવી અદ્‌ભૂત સરખામણી કરવામાં આવી છે ?

શ્રી સંઘની એક એક આરાધનાને મેરુપર્વતના એક એક અંગ સાથે સુંદર પ્રકારે જોડવામાં આવી છે.

પાયો મજબૂત હોય તો મહેલ મજબૂત બને. મેરુપર્વતની સ્થિરતા એની સ્થિર પિઠીકા ઉપર આધાર રાખે છે. આ પિઠિકા વજ્ર સમાન મજબૂત છે. શ્રી સંઘની સ્થિરતા એની મજબૂતી સમ્યગ્દર્શન ઉપર આધારીત છે. શ્રી સંઘનું સમ્યગ્દર્શન જો મજબૂત છે તો એ શ્રી સંઘ નિશ્ચલ છે. સમકિતની છ ભાવના અંતર્ગત ત્રીજી ભાવનામાં આ વાત જણાવી છે.

**ત્રીજી ભાવના રે, સમકિત પીઠ જો દૃઢ સહી,**
**તો મોટો રે, ધર્મ પ્રાસાદ ડગે નહી;**
**પાઈએ ખોટે રે મોટો મંડાણ ન શોભીયે,**
**તેહ કારણ રે સમકિત શું ચિત્ત થોભીયે.**

આપણે જો શ્રી સંઘમાં પ્રવેશ કરવો હોય તો આપણા જીવનમાં સુદેવ - સુગુરુ - સુધર્મ ઉપરની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન અત્યંત આવશ્યક છે.

શ્રી સંઘરૂપ મેરુ પર્વતની મેખલા ધર્મરૂપી રત્નથી સુશોભિત છે. શ્રી સંઘની શોભા શેનાથી ? તો કહે છે ધર્મરત્નથી શ્રી સંઘ શોભાયમાન છે. શ્રી સંઘ છે ત્યાં સતત

દાન-શીલ-તપ અને ઉચ્ચ ભાવો જોવા મળે છે. દાનવીરો સતત દાનની ગંગા વહેવડાવી રહ્યા છે. ઉચ્ચ કોટિના શીલ-સદાચારથી એમના જીવન ઉજ્વળ છે. તપસ્વીઓ વિવિધ પ્રકારના તપ સાધના દ્વારા કર્મ નિર્જરાના યજ્ઞમાં જોડાયેલા છે. નિત્ય નવા નવા તપના તોરણીયા સંઘના બારણે બંધાઈ રહ્યા છે. જીરણ શેઠની જેમ સહુ મહાનુભાવોની ભાવધારાઓ ઉંચી ઉંચી ઉછળી રહી છે. વિશેષ અને વિશેષ ધર્મારાધનાના મનોરથો બધા સેવી રહ્યા છે. એમને જોઈ અને જાણીને બધા જ આનંદ વિભોર બની રહ્યા છે. કેવું અનુપમ ધર્મરત્ન શોભી રહ્યું છે ?

મેરુ પર્વતની ઉપર ઉંચા-ઉત્તિંગ, ચિત્ર-વિચિત્ર શિખરો જોવા મળે છે. શ્રી સંઘમાં દ્વાદશાંગી રૂપ એવં નિયમરૂપ ઉજ્વળ અને જ્વાજલ્યમાન શિખરો દેખાય છે. શ્રી સંઘમાં સમ્યગ્ જ્ઞાનની પ્રધાનતા હોય છે. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે તેવી રીતે શ્રી સંઘનો મુખ્યગુણ જ્ઞાન છે. જ્ઞાન વિના શ્રી સંઘની શોભા નથી. સંપત્તિ વિના સંસારીની કોઈ કિંમત નથી તેમ સમ્યગ્જ્ઞાન વિના 'શ્રી સંઘ'ની કિંમત નથી. જ્ઞાનની ગંગા તીર્થંકર પરમાત્માએ વહાવી ગણધર ભગવંતોએ દ્વાદશાંગી સ્વરૂપ સૂત્રમાં ગુંથી. આજે ભલે તીર્થંકર પરમાત્મા

કે ગણધર ભગવંત નથી... પરંતુ આગમ સ્વરૂપ એમની વાણી આજે પણ શ્રીસંઘના શિખર બનીને મુમુક્ષુ જીવોને માર્ગ ચિંધી રહી છે. યમ-નિયમ તરફ પ્રેરી રહી છે. આજે શ્રી સંઘમાં જે વ્રત - નિયમ - પચ્ચક્ખાણ છે તે બધા જિનવાણીની દેન છે. જ્ઞાનને પામ્યા પછી એને જીવનમાં ઉતારવાનું છે... એનો સદુપયોગ કરવાનો છે તો જ એ સફળ બને છે અન્યથા તે નિષ્ફળ છે.

મેરુપર્વતના પ્રથમ કાંડ ઉપર નંદનવન છે. આંખોને આનંદ આપે છે. જીવનમાં શાંતિ લાવે છે. વિવિધ વૃક્ષો-પુષ્પો અને ફળોથી સમૃદ્ધ હોય છે. બસ ! શ્રી સંઘ પણ શીલ અને સંતોષરૂપી નંદનવનથી અત્યંત મનોહર, રમણીય અને સમૃદ્ધ છે. શ્રી સંઘ શીલરૂપી સુવાસથી મઘમઘાયમાન છે. સંતોષગુણથી તૃપ્ત બનેલો છો. તૃષ્ણાનો નાશ થવાથી ખોટી દોડાદોડ નથી... પરમ શાંતિની અનુભૂતિ છે.

શ્રી સંઘરૂપી મેરુપર્વતની જીવદયારૂપ ગુફાઓમાં મુનિવરરૂપી મૃગેન્દ્રો ધ્યાનમાં નિમગ્ન બનેલા છે. શ્રી સંઘ મુનિન્દ્રોના જ્ઞાન-ધ્યાન-કાયોત્સર્ગ સહિત ગુફાવાસથી ગૌરવવંતો છે. આ ગુફાઓમાં અનેક ભવરોગ નાશક ઔષધિઓ છે.

શ્રી સંઘરૂપી મેરુ પર્વત ઉપર સંવરરૂપી જલનો પ્રવાહ મોતીના હાર જેવો શોભી રહ્યો છે. શ્રી સંઘનો સંવરરૂપી પ્રવાહ સર્વ પ્રકારના આશ્રવોને અટકાવવાની શક્તિ ધરાવે છે. આવતા કર્મોના પ્રવાહને અટકાવીને આત્માની ઉજ્વળતાને ટકાવી રાખે છે.

શ્રી સંઘરૂપી મેરુપર્વત ઉપર જિનમંડપરૂપી ગુફાઓ શોભી રહી છે. આ જિનમંડપરૂપી ગુફાઓમાં સ્વાધ્યાયનો જયઘોષ કરતા એવા શ્રાવકોરૂપી મયુરો નૃત્ય કરી રહ્યા છે. ચારે બાજુ સ્વાધ્યાયનો નાદ ગુંજી રહ્યો છે. શ્રી સંઘના વાતાવરણને પાવન-પવિત્ર બનાવી રહ્યો છે.

**विणयणय पवर मुणिवर - फुरंत विज्जुज्जलंत सिहरस्स ।**
**विविहगुण कप्परुखग फलभर कुसुमाउ लवणस्स ।।१६।।**
**नाणावररयण दीप्पंत कंत वेरुलिय विमल चूलस्स ।**
**वंदामि विणयपणओ, संघमहामंदर गिरिस्स ।।१७।।**

વિનયથી નમેલા શ્રેષ્ઠ મુનિવર રૂપ પ્રકાશમાન વિજળીના ઝબકારાથી જેનાં શિખર પ્રકશિત છે... વિવિધ ગુણવાળા સાધુરૂપ કલ્પવૃક્ષના ફળના સમૂહ તથા પુષ્પોથી વ્યાપ્ત એવાં ગચ્છરૂપી વન જેમાં રહેલા છે. ૧૬

જે જ્ઞાનરૂપી શ્રેષ્ઠરત્નથી પ્રકાશમાન અને વૈડુર્યમણિની નિર્મળ ચૂલિકાવાળો છે. તેવા સંઘરૂપી મોટા મંદરાચલ ગિરિને વિનયથી નમ્ર એવો હું વંદના કરું છું. ૧૭

મેરુપર્વતના શિખરો વિજળીના ઝબકારાથી પ્રકાશમાન છે ત્યારે અહિં શ્રી સંઘરૂપી મેરુના શિખરો વિનયગુણથી નમેલા એવા શ્રેષ્ઠ મુનિઓના તેજ પ્રકાશથી પ્રકાશિત છે. મુનિવરોના જીવન વિનયાદિ ગુણો તેમજ તપ અને બ્રહ્મચર્યના તેજથી દેદિપ્યમાન છે. એમની સાધનાનું તેજ શ્રી સંઘના શિખરોને પ્રકાશિત કરે છે.

મેરુપર્વત ઉપર અનેક પ્રકારની વનરાજી ખીલી ઉઠી છે એનાથી અનેક વનો-ઉપવનો એની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે. કલ્પવૃક્ષો એમના વિવિધ પ્રકારના પુષ્પો અને ફળોથી વ્યાપ્ત વનો આનંદ આપી રહ્યા છે. એવી જ રીતે શ્રી સંઘરૂપી મેરૂપર્વત ઉપર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપથી વ્યાપ્ત એવા ગચ્છરૂપી વનો જોનારને સુખ ઉપજાવી રહ્યા છે. વિવિધ ગચ્છો વિવિધ આરાધનાઓથી સાધકોને આનંદ પમાડી રહ્યા છે.

જ્ઞાન એ જ શ્રેષ્ઠ રત્ન છે... જ્ઞાન સમાન બીજો શ્રેષ્ઠ રત્ન નથી. એવા જ્ઞાનરૂપી રત્નથી પ્રકાશમાન અને

વૈડુર્યમણિની જેમ નિર્મળ એવી ચુલિકાઓથી શ્રી સંઘ રુપી મેરુ ગૌરવવંતો છે. આવા વિવિધ ગુણોની ખાણ સમાન શ્રી સંઘ રૂપી મહા મંદારચલગિરિ વિનયથી નમ્રતાને પામેલા બધા માટે જ વંદનીય છે. જે શ્રી સંઘ તીર્થંકર પરમાત્માને પણ વંદનીય છે તે બીજા કોને વંદનીય ન હોય ? અલૌકિક એવો શ્રી સંઘ સહુને માટે વંદનીય છે.

એવા શ્રી સંઘને વિનયથી હું વંદના કરું છું.





